Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

सम्यक्त्वं सत् मद्रत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपार्टीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ अषाड. आत्म सं. २१. } अंक १२ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ.... ... ... | ...૨૯૭ | ૮ | શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ.... | ...૩૨૩ |
| ૨ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજની જયન્તી પ્રસંગે ચિરસ્મરણીય આવાહન. | ૨૯૮ | ૯ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસ. | ૩૨૩ |
| ૩ | કર્મ મિમાંસા. ... ... | ...૨૯૯ | ૯ | ગ્રંથાવલોકન અને તે સંબંધે ખાસ આભાર. ... ... ... | ૩૨૪ |
| ૪ | શ્રી વીરપ્રભુ ભાવપૂજા સ્તવ. | ...૩૦૮ | | | |
| ૫ | આદર્શ જીવન. ... ... | ...૩૦૯ | ૧૦ | શ્રી ગીરનારજી તીર્થે ચાર્તુમાસ અને ગુરૂવંદન કરવા જવા માટે વિજ્ઞપ્તિ. | ૩૨૪ |
| ૬ | કષાય. ... ... ... | ...૩૧૬ | | | |
| ૭ | સૂક્તમુક્તાવલી—અનુવાદ. ... | ...૩૧૯ | | | |

વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અષાડ શુદ ૧૦ થી ભેટની બુકના વી૦ પી૦ શરૂ કરવામાં આવેલ છે.**

**તેરમા વર્ષની અપૂર્વ ભેટ.**

# "શ્રી ચંપકમાલા ચરિત્ર"

( ગુર્જર—અનુવાદ )

**( અદ્‍ભુત મનોવેધક શીયલના મહાત્મ્યને જણાવનાર રસયુકત કથા. )**

જૈન ધર્મના શ્રીમાન્ **ભાવવિજયજી** વાચકનો રસ–અલંકારયુક્ત આ લેખ ઉત્કૃષ્ટ પદે આવેલો છે. આલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું આ સતીચરિત્ર અતિ રસિક અને સુબોધક છે. ચરિતાનુયોગની ઉપયોગિતા જે જે વિષયો પરત્વે સિદ્ધ કરવામાં આવી છે તે આ ચરિત્રના વિષયમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવી છે. ધર્મનો પ્રભાવ, શીયલ–સદાચારનું મહાત્મ્ય, ભાવનાની ભવ્યતા આ રિત્રમાં પ્રત્યેક પ્રસંગે ઉછળે છે. એકંદર રીતે જૈનોના ધાર્મિક અને સુબોધક ચિત્ર તરીકે આ ચરિત્રનો લેખ અતિ ઉપયોગી છે, જેથી વાચકના હૃદયમાં આ ગ્રંથનું સ્વભાવિક અનુમાન થાય તેવું છે. સર્વ સ્ત્રી પુરૂષોને વાંચતાં આનંદ સાથે ધર્મયુક્ત બોધ આપે અને સદ્‍વર્ત્તનશીલ બનાવે તેવો આ ગ્રંથ છે.

આ ચરિત્રનો મૂળ ગ્રંથ (સંસ્કૃત) અમારા તરફથી પ્રસિદ્ધ થયેલો છે. તે મૂળ ગ્રંથના આશયને અવલંબી તેનો અનુવાદ પણ શ્રીમાન્ મહારાજ શ્રી **મૂળચંદજી** ગણિના પ્રશિષ્ય મુનિરાજશ્રી **મણિવિજયજી**એ શુદ્ધ અને સરલ કરેલો છે, વળી સંસ્કૃતના અભ્યાસીઓને સુગમ પડે તેટલા માટે ભાષાંતરમાં પણ શ્લોકના અંકો મૂકવામાં આવ્યા છે.

સદરહુ ગ્રંથનો બહોળો ફેલાવો થવા, તેમજ અમારા માનવંતા ગ્રાહકો પણ આવા ઉત્તમોત્તમ અપૂર્વ ગ્રંથનો અમૂલ્ય લાભ લે તેવા ઇરાદાથી આ વર્ષે ઉક્ત ગ્રંથ ભેટ આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે, જે ગ્રંથ તૈયાર થયેલ હોવાથી અષાડ શુદ ૧૦ થી અમારા માનવંતા ગ્રાહકોને વી. પી. થી મોકલવા શરૂ કરવામાં આવેલ છે. **દરેક વર્ષે ધારા મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારોજ છે, તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહીં.**

અમારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી વી. પી. સ્વીકારી લેશે એમજ અમોને સંપૂર્ણ ભરૂસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બ્હાના બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકસાન સભાને ખમવું પડે નહીં, તેમજ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સૂચના વી. પી. નહીં સ્વીકારનાર ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

---

## આ સભામાં આ માસમા નવા થયેલાં માનવંતા સભાસદો.

૧ શા. આણંદલાલ હરગોવનદાસ વર્ધમાન રે૦ સીનોર બી. વ. લાઇફમેમ્બર.

## રીપોર્ટ.

અમારા માનવંતા સભાસદો અને સુજ્ઞ ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીએ કે આ સભાનો ત્રીવાર્ષિક રીપોર્ટ હાલમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, જે ભેટની બુક શ્રી ચંપકમાલા ચરિત્ર જે વી૦ પી૦ મોકલવામાં આવે છે, તેની સાથે આ રીપોર્ટ ભેટ મોકલવામાં આવશે, તો તે સ્વીકારી લેવા નમ્ર વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, अषाड. आत्म संवत् २१. [ अंक १२ मो.

## आराधना–प्रकार.

### प्रभुस्तुति.

(શિખરિણી છંદ.)

બની પ્રેમી પૂરો જિન ચરણમાં ચિત્ત લઈ જા,
વમી વક્રાચારો વિવિધ રસથી દૂર થઈ જા;
ભમી ભોગી થઇને ભવ–વિપિનમાં ખૂબ ભટકયો,
રમી રાતો થઇને વિષય–મધુને કાજ લટકયો;
ખમી કષ્ટો કાળાં ધન–મમતથી તું ન અટકયો,
કમી ના રાખી તેં કરમ કરતાં ધર્મ ન ટકયો.
ગણીને બાલૂડો નિજ–શરણમાં નાથ લઈ જા,
હવે તો હાર્યો હું હરદમ મને હામ દઈ જા;
જગાવી જ્યોતિને મુજ હૃદયનો દીપ થઈ જા,
બિરાજી બહુમાને મન–ભુવનનો (માં) દેવ થઈ જા.

રત્નસિંહ દુમરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *श्रीमद् विजयानंदसूरिजीने एमनी जयन्ती प्रसंगे चिरस्मरणीय आवाहन

(રાગ બિભાસ–ઝૂલણા છંદની ચાલ.)

વિજય આનંદસૂરિ તણા ગૌરવે,[1] ભવ્ય ભારતભૂમિ શી વિરાજે;
જેમના સદ્ગુણો જગતમાં વિસ્તરી, જીવન નવ અર્પતા જડ[2] સમાજે. ૧

જીવન જેનું સદા પ્રબળ પુરૂષાર્થમય, યોજતા અજ્ઞતા દૂર કરવા;
વ્હેંચતા જગતને તત્ત્વરસ વાનીઓ,[3] શુદ્ધ સૌહાર્દથી[4] પાપ હરવા. ૨

ન્યાયની કોટિથી તત્ત્વનિર્ણય કરી, અર્પતા યાન[5] ભવ અબ્ધિ[6] તરણે;
તત્ત્વ આદર્શથી તિમિર અજ્ઞાનનું, જે હરે સૂર્ય સમ જ્ઞાન કિરણે. ૩

જૈનની જ્યોતિ પશ્ચિમમાં પ્રકટવા, તત્ત્વસ્ફુલિંગ[7] વીરચંદ્ર પ્રેર્યા;
ક્ષત્રિય વીર્યના વેગથી સંશયો, સજ્જનોના સદા સદ્ય વેર્યા. ૪

સત્ય સમજાવતા જગત્‌ને જૈનના, શાસ્ત્ર બળથી કરી વિજય વૃદ્ધિ;
મૂલ જે મોહનું સ્વપર સદ્જ્ઞાનથી, અપહરી અનુભવે આત્મઋદ્ધિ. ૫

ઉચિત આચાર્યને ધીરતા રાખીને, તૃતીય પરમેષ્ઠિપદને દીપાવ્યું;
જ્ઞાનફળ વિરતિના નિયમ અવિચલપણે, સાધતાં સ્વપર દુઃખ ઉપશમાવ્યું. ૬

પૂર્વ પશ્ચિમના સંક્રમણ કાળમાં, જન તણી વૃત્તિને[8] ઉચિત આપ્યું;
ચરણકરણાનુયોગે સદા રત[9] થઇ, વ્યથિત[10] હૃદયોતણું દુઃખ કાપ્યું. ૭

વિંશતિ અધિક આ વર્ષમાં નમનથી, ભક્તિની અંજલિ એ સ્વીકારો;
સિદ્ધગિરિ શૃંગમાં હર્ષના રંગમાં, જય કરો પ્રતિદિનં સુપરિવારો. ૮

F.

---

* શ્રીમદ્ સૂરિજીની જયન્તી નિમિત્તે આ કાવ્ય અમોને ગતાંકમાં દાખલ કરવા માટે મળેલું હતું, પરંતુ સ્થળસંકોચને લઇને આ અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે. **મેનેજર–**

૧ માહાત્મ્યથી. ૨ જડવત્ થઇ ગયેલા. ૩ ભાતભાતનાં પકવાનો. ૪ બંધુભાવથી. ૫ નૌકા. ૬ સમુદ્ર. ૭ મુખ્ય સિદ્ધાંતો. ૮ અંતઃકરણની પરીક્ષા કરીને. ૯ સાવધાન. ૧૦ સંશયથી પીડાતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મમિમાંસા.

(૨)

સ્થૂલ તેમજ સૂક્ષ્મ પ્રદેશ ઉપર-ભૌતિક તેમજ માનસ ભૂમિકા ઉપર-કારણુ કાર્યનો મહા નિયમ એકજ પ્રકારની અચળતાથી પ્રવર્તે છે અને તે નિયમ કોઇથી કોઈ કાળે નહી ઉલટાવી શકાય તેવો દઢ છે એમ આપણે ગતાંકમાં જોઈ ગયા છીએ. જો આમ છે તો પછી આત્મા કર્મના અચળ નિયમની સાંણુસીમાંથી કદાપી કેમ મુકત થઈ શકે એ પ્રશ્ન ઉદ્ભવવા યોગ્ય છે. હમે તેનો ઉત્તર આપવા યથામતિ, યથાશકિત પ્રયત્ન આ સ્થાને કરીશું.

કર્મની સત્તા સામે આત્મા બે પ્રકારે પોતાનું બળ અજમાવી શકે છે અને તેના સામાર્થ્યને નિર્બળ કરી નાખી શકે છેઃ-( ૧ ) કર્મની સામે તેના વિરોધી કર્મની સત્તાને પ્રેરવાથી અને ( ૨ ) કર્મની સત્તાના પ્રવર્તનકાળે, તેવા પ્રવર્તનથી આત્મપ્રદેશ ઉપર ઉપસ્થિત થવા યોગ્ય સુખદુખમય લાગણીથી અતિરિકતપણું સેવવાથી. આ પ્રકારમાંથી પૂર્વનો પ્રકાર સરલ છે અને ઉન્નતિ ક્રમની સામાન્ય શ્રેણીમાં સ્થીત આત્માઓ સહેલાઈથી અનુસરી શકે તેવો છે. બીજો પ્રકાર માત્ર જ્ઞાનીઓ વડેજ સમજાવા અને અનુસરાવા યોગ્ય છે. કેમકે એ નિયમને ગતિમાન કરતા પહેલા આત્માએ પોતાના આંતરિક બળનું ( subjective force ) સવિશેષ અનુશીલન કરવાનું હોય છે. પ્રથમનો પ્રકાર એ હથીઆર સામે હથીઆર ફેંકી કર્મની સત્તાને ચૂર્ણ કરવાનો છે અને બીજો પ્રકાર એ સમભાવથી પૂર્વે ગતિમાન થએલા કારણોના ફળને અબંધ પરિણામે ભોગવી ક્ષય કરવાનો હોય છે. આ બીજો પ્રકાર કાગળ ઉપર અક્ષરરૂપે જેવો સહજ અને શકય ભાસે છે તેવો નથી. આપણે નિરંતરના વાંચનથી “ સમભાવ ” શબ્દ સાથે ટેવાઇ ગયા છીએ પરંતુ એ શબ્દની સાથે શું ભાવના વળગેલી છે તેનો સ્પષ્ટ અવબોધ બહુ ઓછા મનુષ્યોને હશે. અધિકાર પ્રાપ્ત થયા વિના સર્વ પ્રકારના વાંચનથી પરમ રહસ્યમય શિક્ષણ પણ આપણને સામાન્યવત્ ભાસે છે એનું “ સમભાવ ” અને તે શબ્દનો વ્યવહારના સંમર્દમાં પ્રતિક્ષણે થતો ઉપયોગ એક સરસ દ્રષ્ટાંત પુરૂ પાડે છે. એક મનુષ્યને સહજ કષ્ટનો પ્રસંગ ઉપસ્થિત થતા તેના બંધુ મનુષ્યો તે કષ્ટને “ સમભાવ ” થી ભોગવી લેવાની અર્થાત કર્મની સત્તાને નિસત્વ કરવાનો જે બીજો પ્રકાર હમે ઉપર ગણાવ્યો છે તેનો અમલ કરવાની, સુચના આપે છે. સલાહ આપનાર કે લેનાર બેમાંથી એકેને પોતે શું કહેવા માગે છે કે સામો મનુષ્ય શું સુચના ગ્રહણ કરવા માગે છે તેનું કશુંજ અર્થયુકત ભાન હોતું નથી. પરંતુ તેમ છતાંય અર્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહિતપણે લોકો એક ગંભીર સત્યને અનુસરવાની પ્રેરણા એક બીજાને કરે છે એમ હમારે કહ્યા વીના ચાલતું નથી. જેઓ એ સત્યને કિંચિત્ પણ સમજે છે તેઓ એ સત્યના પરમ રહસ્યથી મુગ્ધ બન્યા વિના રહેતા નથી અને એ સત્યાનુભવનો અક્ષરાત્મક વારસો આપણા પૂર્વના મહાજનો મુકી ગયા છે તે માટે તેમની મુક્ત-કંઠથી સ્તુતિ કરે છે. લોકો જ્યારે એ રહસ્યને અનુભવતા શીખશે ત્યારેજ તેમની ભકિત અને સ્તુતિપાઠો અર્થપૂર્ણ થવાના. એમ નહી થાય ત્યાંસુધી તેઓ વાણીનો હેતુશૂન્ય અને અર્થહીન પ્રલાપજ કરે છે એમ હમો માનીએ છીએ. હવે એ બન્ને પ્રકારો કેવી રીતે પ્રવર્તે છે તેનું કિંચિત્ અવલોકન કરીશું.

કર્મનો નિયમ અચળ છે, માટેજ એક પરિણામને નિષ્ફળ કરવા માટે અન્ય કાર્ય કરવા અવકાશ રહે છે. જો નિયમ બદલાયા કરે તો મનુષ્ય કદી પણ કર્મના ફાંસામાંથી મુક્ત બની શકે નહીં. પરંતુ અમુક પરિણામ લાવવા માટે અમુક કાર્યજ કરવું પડે છે અને તે પરિણામને સત્વહીન કરવા માટે વળી બીજુંજ કાર્ય કરવું પડે છે. એટલો અવકાશ એ મહાનિયમના પ્રદેશમાં હોવાથીજ આત્માની મુક્તિનો માર્ગ ખુલ્લો છે. ગુરૂત્વાકર્ષણનો નિયમ મનુષ્યને પૃથ્વીના મધ્ય કેન્દ્ર પ્રતિ ખેંચવા માગે છે. પરંતુ વસ્તુતઃ આપણે તે નિયમને માન આપી એકજ સ્થાને સ્થીર રહેતા નથી. કોઇ અજ્ઞાન માણસ એ નિયમ જાણે અને તેની અચળતા વિષે નિશ્ચય કરે તો તે કદી પણ મેડી ઉપર ચઢી શકે નહીં. પગથીઆ ઉપર ચઢવાનું કહેતાં તે એમજ કહે કે "ગુરૂત્વાકર્ષણનો મહાનિયમ દરેક વજનવાળા પદાર્થને પૃથ્વી ભણી ખેંચે છે, અને હું વજનવાળો ભારે પદાર્થ હોવાથી એ નિયમનો અતિક્રમ કરી શકુંજ નહીં." સામો મનુષ્ય ડાહ્યો હોય અને એક નિયમને બીજા નિયમના પ્રતિકારથી પરાસ્ત કરવાની પદ્ધતિ જાણતો હોય તો તેનો ઉત્તર એમ આપે કે "જે નિયમની સત્તા તને પૃથ્વી ભણી ખેંચે છે, તે સત્તાની સામે તારા સ્નાયુગત બળને પ્રેર અને પછી તું જોઇશ કે એ પૂર્વના નિયમની સત્તા કરતા તારૂં પ્રેરેલું બળ અધિક પ્રમાણમાં હશે તો જરૂર તું એ પૂર્વના નિયમની સત્તાનો પરાભવ કરી શકીશ. જેમ પૃથ્વી ભણી ખેંચનાર બળ પણ કુદરતના નિયમને અનુસરી પ્રવર્તે છે, તેમ તારૂં સ્નાયુગત બળ પણ એજ નિયમને અનુસરી પ્રવર્તે છે." પેલો અજ્ઞાન મનુષ્ય એવો ભય રાખે છે કે "એમ કરવાથી મેં ગુરૂત્વાકર્ષણના નિયમનો ભંગ કરેલો ગણાશે અને એ ભંગની સજા કુદરત મને આપ્યા વિના કેમ રહે?" પેલો સામો મનુષ્ય તેને સમજાવી કહે છે કે "ભાઇ! મારી સલાહને અનુસરવાથી તું એ નિયમનો ભંગ કરે છે, એની ના નથી, પણ તારા સ્નાયુગત બળનો ઉપયોગ નહીં કરવામાં પણ તું કુદરતના નિયમનું ઉલ્લંઘન કરે છે. કુદરતે તને એ બળ આપ્યું છે, એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર તારી ઈચ્છા હોય ત્યારે એ ગુરૂત્વાકર્ષણુના નિયમનો પ્રતિકાર કરવા માટેજ આપેલું છે. ઉભય નિયમો એકજ સત્તાએ સ્થાપેલા છે, તો પછી એક નિયમનો આદર અને અન્યનો અનાદર એ ઉપયુક્ત નથી."

એક નિયમ સામે બીજા વિરોધી નિયમને પ્રેરવાથી, એક કાર્યથી ઉદ્ભવતા પરિણામ સામે અન્ય પરિણામ ઉપજાવવાવાળી કૃતિને પ્રેરવાથી, એ ઉભય વિરોધી સત્વો એક બીજા સામે અથડાઈ નિ:સત્વ બને છે અને આત્મા પોતાની પ્રગતિનો માર્ગ આ પ્રકારે ખુલ્લો કરી શકે છે. યુરોપના એક તત્વવિદ્દે ખરૂં કહ્યું છે કે "Knowledge makes you free" અર્થાત્ જ્ઞાન તમને મુક્ત બનાવશે. જે નિયમની સત્તાથી એક પરિણામ ઉદ્ભભવ્યું હોય તેનાથી વિરોધી પરિણામ ઉપજાવવાનું જો મનુષ્યને જ્ઞાન હોય તો ગમે તેવા અનિષ્ટ પરિણામની આપત્તિ મનુષ્ય અટકાવી શકે છે. પ્રતિકાર સામગ્રીનું તેને જ્ઞાન ન હોય તો તે સ્વામિ નહીં પણ ગુલામ છે. જેટલે અંશે જ્ઞાન તેટલો કુદરતના નિયમોથી આત્મા અબાધિત રહે છે. કુદરતના નિયમો વિશ્વાસનીય હોવાથી મનુષ્ય ધારેલું પરિણામ મેળવે છે. કુદરત દરેક પ્રકારના સામર્થ્ય અને સંભાવ્યતા ( Potentiality ) થી ભરેલી હોવાથી મનુષ્ય ધારેલું પરિણામ લાવવા માટે ચોક્કસ ગણુતરી કરી શકે છે અને એક પરિણામને નિ:સત્વ કરનારૂં અન્ય કાર્ય યોજી શકે છે. એક નિયમના બળ સામે બીજા નિયમના બળની અથડામણી કરી પૂર્વના બળની પોતાના ઉપરની આપત્તિનો તે પરિહાર કરી શકે છે. કુદરતનું દરેક સામર્થ્ય કેવી રીતે પ્રવર્તે છે તેના નિયમો મનુષ્યને હસ્તગત થયા પછી કુદરત મનુષ્યના ઉપર કાંઇજ અસર કરી શકતી નથી. કેમકે તેના દરેક સામર્થ્યના વેગને તોડી નાખવાની યુક્તિ તેણે મેળવી હોય છે, કુદરત કેવા નિયમે પ્રવર્તે છે, તેનું જ્ઞાન થવાથી મનુષ્ય તેના ઉપર સ્વામીત્વ મેળવી શકે છે. મનુષ્ય કુદરત સામે લઢી શકતો નથી, પણ તેના નિયમો જાણી એક નિયમના બળ સામે બીજા નિયમને પ્રેરી પ્રથમના નિયમનું બળ નિવારી શકે છે. વિજ્ઞાનનો પાયો આ નિયમોના જ્ઞાન ઉપરજ બંધાએલો છે. વિજ્ઞાનનો આશ્ચર્યકારક વિજય આ નિયમોના જ્ઞાનથીજ સંભવીત થયો છે. તે સાથે એ નિયમો અચળ હોવાથી મનુષ્ય અમુક પરિણામ લાવવા માટે જે ગણુતરી કરે છે તે ભૂલ વિનાની હોય તો કદીજ નિરાશ થતો નથી. જ્યાંસુધી અચળ નિયમોની મધ્યમાં મનુષ્ય રહેલો છે, ત્યાંસુધી તે કુદરતનો ગુલામ નહી પણ સ્વામી છે. કેમકે ગમે તે નિયમના બળને અન્ય ઉપયુક્ત નિયમબળવડે તોડી નાખી શકે છે. આ અચળતા અને અપરિવર્તનશીલતાની મધ્યમાં હોવાથીજ તે ઇચ્છીત પરિણામ લાવવા શક્તિમાન નીવડે છે. તે જાણે છે કે કુદરત પોતાનો નિયમ કોઇ કાળે છોડતી નથી, તેથી અમુક નિયમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેરવાથી અમુકજ પરિણામ આવવાનું એમ તેને ચોક્કસ વિશ્વાસ રહે છે. જ્યારે જ્યારે ધારેલ પરિણામ ન આવે ત્યારે મનુષ્યે કુદરતનો દોષ લાવવો ઘટતો નથી. કેમકે ધારેલું પરિણામ ન આવવાનું કારણ કુદરતે પોતાનો નિયમ બદલ્યો છે એ નથી પણ કુદરતના નિયમો સંબંધી મનુષ્યની અજ્ઞાનતા અથવા અલ્પજ્ઞતા છે.

જેમ સ્થૂળસૃષ્ટિ ઉપર એક નિયમ સામે અન્ય નિયમની અથડામણી કરી પૂર્વના નિયમના બળને સત્વહિન કરી શકાય છે તેમ આત્માના પ્રદેશ ઉપર એજ પ્રમાણે એક વેગને અન્ય વિરોધીવેગના બળથી નિઃસત્વ કરી શકાય છે. સ્થૂળભૂમિકા ઉપર કુદરતના નિયમોની જે અચળતા કામ કરે છે તેજ અચળતાથી તે નિયમો આત્મપ્રદેશ ઉપર પણ પ્રવર્તતા હોય છે. આમ છે માટેજ મનુષ્ય તેના ભાવીનો અધિપતિ છે. જેમ સ્થૂળભૂમિકા ઉપર આપણે યોગ્ય નિયમોને પ્રવર્તાવવાથી ઈષ્ટ પરિણામ લાવી શકીએ છીએ તેજ પ્રમાણે તે ઉચ્ચતર પ્રદેશ ઉપર પણ યોગ્ય નિયમોને યોજવાથી ઈષ્ટ ફળ મેળવી શકાય છે અર્થાત્ કર્મના એક પ્રકારના વેગ સામે તેના વિરોધી ગુણવાળો કર્મ–વેગ પ્રેરવાથી તે પૂર્વકર્મનો વેગ બળહિન બની જાય છે. તે પોતાના ભાવીને ઇચ્છાનુસાર ઘટાવે છે. મનુષ્ય અભ્યાસ અને ચિંતનથી આ નિયમોનું જ્ઞાન મેળવી શકે છે અને અંતર પ્રદેશ ઉપર રચાતા ગમે તે પ્રકારના કર્મ–બીજને એ નિયમના જ્ઞાનવડે ભસ્મીભૂત કરી શકે છે. પરંતુ આ બનવું તે અતિ પ્રયત્નસાધ્ય છે. સ્થૂલભૂમિકા ઉપર કુદરતના સામર્થ્યો સામે વિ-જય મેળવવા માટે જે અથાગ પ્રયત્નવડે મનુષ્યે કુદરતના નિયમોનું સંશોધન કરી વિજ્ઞાન–શાસ્ત્ર બાંધ્યું છે તે અને તેથી પણ અધિક પ્રયત્નની અપેક્ષા માનસ-પ્રદેશ ઉપર પ્રવર્તતા નિયમોના જ્ઞાનને સિદ્ધ–હસ્ત કરવા માટે રહે છે.

સત્તાગત કર્મોનું સંક્રમણ થઇ શકવાની જે હકિકત જૈન દર્શનમાં વર્ણવેલી છે તે ઉપરોકત ક્રમનોજ એક ઉલ્લેખ છે. અર્થાત્ જ્યાં સુધી ફળ આપવા તે કર્મ તત્પર થયા નથી ત્યાં સુધી તેનામાં ફેરફાર કરવાનુ સ્વાતંત્ર્ય આત્માને રહેલું છે એમ શાસ્ત્રો કહે છે. હમારો આધિન મત એવો છે કે કર્મ ફળ દેવા તત્પર થાય તે પહેલા અને તે પછી પણ આત્મા જ્ઞાન વડે તેને નિવારી શકે છે. જ્યાંસુધી ફળ દેવા તે કર્મ તત્પર થયા ન હોય ત્યાં સુધી જે નિયમ વડે, તેની સત્તામાં ફેરફાર કરવા આત્મા સ્વતંત્ર છે તેજ નિયમ ફળ દેવાની શરૂઆત થયા પછી પણ આત્માનું સ્વાતંત્ર્ય કાયમ રાખનાર હોવા ઘટે છે. જેમ દર્દના કારણો સ્થૂળ શરીરમાં શરી-રમાં રચાતા હોય છે તે વખતે તે કારણોને તેના વિરોધી કારણોના બળથી નિવારી શકાય છે તેમ કર્મની સત્તાને પણ તેના કારણ સ્વરૂપમાં વિરોધી કારણ સામગ્રીના બળથી નિવારી શકાય છે. તેથી આગળ વધીને જોઇએ તો જેમ દર્દનું શરીરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચાતું કારણ કાર્યરૂપે શરીરમાં પ્રકટી નીકળે છે તે વખતે પણ યોગ્ય ઉપચારથી તેની સત્તાને નિવારી શકાય છે, તેજ પ્રકારે કર્મની સત્તા પણ જ્યારે તેનું ફળ આપવા ઉદયુકત થાય છે તે વખતે પણ યોગ્ય ઉપચારથી તેની સત્તાને નિરસ્ત કરી શકાય એ સંભવીત ઘટના છે. ગમે તેવી પરિસ્થિતીમાં પણ કુદરત મનુષ્યના માટે અવકાશ રાખેજ છે અને દરેક નિયમને તેનો વિરોધી નિયમ હોયજ છે. જેમ સ્થૂળભૂમિકા ઉપર તેમ સૂક્ષ્મભૂમિકા ઉપર પણ નિયમોનીજ અથડા અથડી અને સંઘર્ષ છે. એક નિયમનું બળ તેના વિરોધી નિયમોના બળથી પરાસ્ત થવાને પાત્ર છે, કોઇ એવી સ્થિતી હોવી સંભવતી નથી કે જેનો પરિહાર અમુક ચોકકસ નિયમોના અવલંબનથી ન બની શકે. નિયમના સ્વરૂપને સમજે તો આત્મા દરેક અવસ્થામાં સ્વતંત્ર અને માલીક છે. નિયમોના જ્ઞાનના અભાવે અથવા અલ્પજ્ઞતાના પરિણામે તે અર્ધ માલિક અને અર્ધ પરતંત્ર છે. પ્રત્યેક પરિસ્થિતીથી વિરોધી પરિસ્થિતી લાવવા માટે આત્મા અમુક નિયમોના પ્રવર્તનથી શકિતમાન છે એમ કુદરતનું સ્વરૂપ જોતાં સમજાય છે. મનુષ્ય કોઇ કાળે છેક જ પરાધીન નથી. જ્યાં જ્યાં પરાધિનતા ત્યાં ત્યાં અલ્પજ્ઞતા છે અને અલ્પજ્ઞતા ત્યાં પરાધિનતા છે. કર્મની સત્તામાં કેવા કારણોથી ફેરફાર થઈ શકે છે તેનું વિવેચન હમે આગળ કરવા ઉદ્દેશ રાખ્યો છે. હવે આ સ્થાને, કર્મની સત્તાનો પરાભવ કરવાનો બીજો પ્રકાર જે શરૂઆતમાં દર્શાવ્યો છે તેનું સ્વલ્પમાં વર્ણન કરીશું.*

માનસ-જીવન ( psychie life ) પણ અમુક ચોક્કસ નિયમોનેજ અનુસરે છે. અને સ્થૂળ પ્રદેશ ઉપરના સ્થૂળ બનાવો જેમ ચોક્કસ નિયમોને આધિન છે તેમ માનસીક બનાવો પણ આધિન છે. સ્થૂળ બનાવો સંબંધે જેમ અગાઉથી તેનું પરિણામ કહી શકાવા યોગ્ય છે તેમ સૂક્ષ્મ પ્રદેશ સંબંધે પણ પૂર્વ નિશ્ચય થઈ શકવા યોગ્ય છે. કારણ કે અંતઃકરણ અથવા મન જડ છે અને જડ જે નિયમોને આધિન છે તે નિયમોને આધિન અંતઃકરણ પણ છે. અંતઃકરણ માત્ર આત્માનું આંતર-સાધન છે. અને તેના પરિવર્તનો, આત્માના બાહ્ય સાધનની માફક આગળથી ચોક્કસ કરી શકાય તેવા છે. જડ દ્રવ્યનો પ્રત્યેક આવિષ્કાર-સ્થૂળ કે સૂક્ષ્મ-કાર્ય-કારણના નિયમને ( Law of causation ) માન આપી ચાલે છે. આથી પ્રત્યેક માનસ પ્રવર્તન તેના પૂર્વગામી પ્રવર્તન અથવા કાર્યને આધિન છે. તેથી જો પૂર્વગામી કારણનું સ્વરૂપ આપણે સ્પષ્ટ સમજતા હોઇએ તો તેનું કાર્ય આપણે ચોક્કસપણે કહી

* જૈન શાસ્ત્રકાર તો ઉદયમાં આવેલા નિકાચિત્ત કર્મો ભોગવ્યા સિવાય છુટકો નથી અને તે ભોગવ્યા સિવાય નિવૃત્ત થતા નથી એમ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકીએ તેમ છીએ. સ્થૂળ દ્રવ્યના પ્રદેશની માફક આ સૂક્ષ્મ પ્રદેશ પણ એકજ સમાન નિયમને વશ છે.

આમ હોવાથી જ્યારે મનુષ્ય અંતઃકરણમાં કોઈ પ્રકારના વિકાર કે વાસના ઉદ્ભવ થાય છે, ત્યારે ત્યાં એમજ સમજવાનું છે કે તે પૂર્વના કારણોના પરિપાક રૂપે છે. જે કારણ સામગ્રીમાંથી તે વિકાર ઉદ્ભવવા યોગ્ય છે તેમાંથી તે ઉદ્ભવ્યો છે. અને તે કારણ સામગ્રીએ વિકાર અથવા વાસના શિવાય અન્ય પ્રકારના કોઈ પણ ભાવને ઉપજાવવા અસમર્થ હતી એમ માનવાનું છે. આત્મા ગમે તેટલા પ્રયત્નથી, એ કારણ સામગ્રીમાંથી જે પ્રકારનો ભાવ ઉદ્ભવ્યો તે કરતા અતિરિક્ત ભાવ ઉપજાવવા સમર્થ થાત નહીં. જો તેમ થાય તો ગમે તે કારણ સામગ્રીમાંથી ગમે તે કાર્ય ઉપજવાનો સંભવ પ્રાપ્ત થાય, અને તેમ થતાં અમુક સામગ્રીમાંથી અમુકજ પરિણામ ઉપજાવવાનો કુદરતનો મહા નિયમ નિષ્ફળ જાય. આથી મનુષ્ય અંતઃકરણમાં જે વિકાર કે ભાવ ઉદ્ભવે છે તેના સંબંધે આપણે આત્માને સ્વતંત્ર કહી શકીએ નહીં. અર્થાત્ આપણે એમ ન કહી શકીએ કે " અમુક માણસે આવો વિકાર ન અનુભવ્યો હોત તો ઠીક. " કેમકે એ વિકાર જે કારણ સામગ્રીમાંથી ઉપજ્યો છે તે સામગ્રીમાંથી એ ખાસ વિકાર શિવાય બીજો એક પણ પ્રકારનો વિકાર ઉપજવા યોગ્યતા નહોતી. આપણે માત્ર એટલુંજ કહી શકીએ કે " અમુક માણસે પોતાના અંતઃકરણની કારણ સામગ્રી ઉત્તમ પ્રકારની રાખી હત, અથવા અમુક કારણ સામગ્રીને તેના વિરોધી કારણોથી તે વિકારના ઉદ્ભાવન પહેલા, નષ્ટપ્રાયઃ કરી હોત તો સારૂં. " પરંતુ અમુક સામગ્રીમાંથી અમુક વિકાર કે ભાવ ઉપજાવ્યો હત તો ઠીક " એમ તો કદીજ ન કહી શકીએ. અંતઃકરણના તમામ વિકારો તેની પૂર્વગામી સ્થિતિમાંથી ઉદ્ભવે છે. આત્મા જે વિકારો સેવે છે, તે વિકારોની કારણ સામગ્રી રચાયા પછી અને અંતઃકરણમાં વિકારરૂપે ઉપજવાની યોગ્યતા મેળવ્યા પછી, તે વિકારો સંબંધે તે નિરૂપાય અને પરતંત્ર છે. મન સ્વતંત્ર નથી. તે તેના પૂર્વગામી કારણોને વશવર્તી છે. તે એક જડ સંચો છે અને તેના ચાલકે જેવા પ્રકારના કાર્ય કે પ્રવર્તન માટે તેને તૈયાર કર્યું છે તે શિવાય મન બીજી રીતે પ્રવર્તી શકતુંજ નથી. Spinoza નામના એક સમર્થ પંડિતે પોતાના Ethics નામના ગ્રંથમાં ખરૂં કહ્યું છે કે–" In the mind thete is no absolute or free-will; but the mind is determined to wish this or that by a cause, which has also been determined by another cause, and this last by another cause and so on to infinity અર્થાત્ મનને સ્વતંત્રતા નથી; પરંતુ મનને તેના પૂર્વગામી કારણને લઇને આ પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારે કે તે પ્રકારે ઇચ્છા કરવાની ફરજ પડે છે. આ પૂર્વગામી કારણ પણ તેના આગલા કારણને લઇ નક્કી થયું હોય છે અને એ પ્રમાણે કાર્ય કારણની સાંકળને આપણે ભૂતકાળની અનંતતા સુધી ખેંચી લઈ જઈ શકીએ. Leibniz નામનો બીજો એક સમર્થ તત્વજ્ઞ પણ એજ ભાવનું લખે છે–All our thoughts and perceptions, are but the consequences, coutigent it is true of our precedent thoughts, and perceptions, in such a way that were I able to consider directly all that happens or appears to me at the present time, 1 should be able to see all that will happen to me or that will ever appear to me. અર્થાત્–આપણા બધા વિચારો અને ભાવનાઓ તેના પૂર્વગામી વિચારો અને ભાવનાઓના પરિણામ રૂપે અને અવલંબન ભૂત છે; તે એવા પ્રકારે કે વર્તમાનકાળમાં જે કાંઇ ( માનસ પ્રદેશ ઉપર ) બને છે અથવા દેખાય છે તે બધુ હું પ્રત્યક્ષપણે જોઈ શકું તો, ભવિષ્યમાં ( માનસ પ્રદેશ ઉપર ) શું બનશે અથવા દેખાશે તે હું અત્યારેજ નકી કરી શકું. ”

આથી આપણે જોઈ શકીએ છીએ કે જેમાંથી જે પ્રગટવું જોઈએ તે સંબંધે આપણે છેકજ નિરૂપાય છીએ. અર્થાત્ અમુક માનસ પ્રવર્તનનું જે અમુક પરિણામ આવવા યોગ્ય છે તે ન આવતાં કાંઈ બીજુજ આવે તેમ આપણે કદી કરી શકીએ તેમ નથી. “ મન સ્વતંત્ર નથી ” એ વાત પુનરૂક્તિ દોષને ન ગણકારતા પુનઃ પુનઃ કહી જવાય છે. મન એ યંત્ર છે. યંત્ર નિયમને અનુસરી ચાલનારૂં છે, જેનું હલન ચલન અને પ્રવર્તન નિયમને વશ છે તે સ્વતંત્ર કેમ હોઇ શકે !

વિશેષ વિવેચન અને વિસ્તારને પડતુ મુકી.હવે અમે એકદમ પરમ રહસ્યમય વિભાગ ઉપર આવીએ છીએ. એ રહસ્ય આપણી જૈન ફીલોસોફી રૂપી મોતીની માળાના મધ્ય મણિરૂપ છે. જ્ઞાનની ઉત્કૃષ્ટ અવસ્થાના પરિસ્ફોટન રૂપે છે. શાસ્ત્રરૂપી મહાસમુદ્રના મંથનના અંતે પ્રાપ્ત થતી મહા લક્ષ્મી તુલ્ય છે. આટલા વિવેચનના અંતે હવે અમારે જે કાંઈ કથિતવ્ય છે તે સરળપણે અવગત થશે એમ માનીએ છીએ.

“ મન સ્વતંત્ર નથી પણ આત્મા સ્વતંત્ર છે. અને મનની અવસ્થાઓ સાથે રસપૂર્વક ન ભળતા તટસ્થ ભાવે મનની અવસ્થાઓના સાક્ષી રહેવાથી આત્મા બંધનમાંથી મુક્ત થાય છે. ” આ ટુંકા વાકયમાં કર્મના બંધનને કાપી નાંખવાનું અમોઘ શસ્ત્ર રહેલું છે. મનુષ્ય તે શસ્ત્રનો ઉપયોગ કરતા શીખે તો તે મનુષ્ય નહી પણ ઇશ્વર કોટીમાં ગણાવા યોગ્ય છે. કેમકે પછી તે કાર્ય કારણના નિયમને આધીન રહેતો નથી. તેની શારીરિક અને માનસિક સર્વ પ્રવૃતિઓને એક સંચાની ગતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવી ગણી તે પોતાના પદમાં નિરંતર સમભાવે સ્થિર રહે છે. મન ગમે ત્યાં જાય, ગમે તે કરે છતાં તેનો દૃષ્ટા–આત્મા–સર્વકાળ સમાધાન યુક્તજ રહે છે. આત્મા જાણે છે કે મન જે જે સ્થિતીઓને વશ વર્તે છે તે તેના પૂર્વગામી કારણોને લીધે હોઈ આત્મા તેને અન્યથા કરી શકે તેમ નથી. પરંતુ પોતે રસપૂર્વક એ અવસ્થામાં ન ભળે તો મન આગળ વધી શકતું નથી. આપણા સર્વ વિચારો અને ગતિઓના આપણે દૃષ્ટા છીએ. આપણે ધારીએ તો અમુક વિચારમાં આપણે ભળીને તેને આગળ લંબાવીએ અને ધારીએ તો તેમાં ન ભળતા ટુંકેથી તેનો અંત લાવી શકીએ. વિચારના ઉદય સબંધે આપણે નિરૂપાય છીએ. કેમકે તેનો ઉદય એ મનના પૂર્વ કારણોને લઇ થયો હતો, પણ તેના ઉદય થયા પછી આપણે તેમાં ભળવું કે નહી તે આપણી માલીકીની વાત છે, આત્માનું સ્વાતંત્ર્ય આ સ્થળે રહેલું છે. ગમે તેવા પ્રબળ આવેશયુક્ત વિકારને આત્મા ધારે તો ટુંકેથીજ કાપી શકે તેમ છે. જો તે વિકારના ઉદયકાળે તે સાક્ષીપદે તટસ્થપણે તેને જોયા કરે અને તેના વેગમાં તણાય નહી તો તે ઉદયમાન ભાવ કર્મ ત્યાંથીજ શીથીલ પડી તેની કાર્ય કારણની સાંકળ તુટી જાય છે. નવું કારણ ત્યાંથી રચાતું બંધ પડે છે. આપણે આપણા અભિમાનને, શરીર અને મનની પ્રવૃતિઓ સાથે ભળવા દઈએ છીએ તે આપણી નબળાઈ છે. કોઇ વિકારી ભાવનાનો ઉદય થયો કે તુર્ત આપણે તેમાં રસથી ભળી તે ભાવનાના દોરને લંબાવીએ છીએ અને આ પ્રમાણે તેને આત્મરસનું પોષણ આપી બળવાન બનાવીએ છીએ. આપણા પોતાનાજ રસનું પોષણ પામી બળવાન બનેલી તે ભાવના આપણને વિકટ અને નહી ઈચ્છવા યોગ્ય પરિસ્થિતીઓમાં ખેંચી જાય છે અને પછી તેમાંથી ભાગી છુટવુ એ અત્યંત પ્રબળ પુરૂષાર્થ વિના અસંભવીત થઇ પડે છે. આત્મા ઇચ્છે તે વિચારને વળગી રહેવાનું બળ, અને બીજા આડા અવળા વિકારો જે પ્રત્યેક ક્ષણે ઉદયમાન થાય છે તે ડખલ ન કરતા જ્ઞપ્તિના પ્રદેશ બહાર ન નીકળી જાય એ આપણા પુરૂષાર્થનું પરમ સાધ્ય છે. ધૈર્યપૂર્વક અભ્યાસના અંતે તે પ્રાપ્ત થવા યોગ્ય છે. ઉન્નતિક્રમનો પરમ ઉદ્દેશ સ્વાતંત્ર્ય છે. પણ સ્વાતંત્ર્ય કેવા પ્રકારનું છે ? શરીરના કે મનના બનાવોની સૃષ્ટિમાં ફરજીઆતરૂપે આત્માને આ કાળે ભળવુંજ પડે છે તેનાથી મુક્ત થવું તે મુક્ત પુરૂષો પૂર્ણતાને પામે છે. અને તે સ્વતંત્ર કહેવાય છે.

કર્મથી મુક્ત થવાના આ ઉપાયનો જ્ઞાનીજનો નિરંતર ઉપયોગ કરે છે. શરીર કે મનની કોઇ પ્રકારની સ્થિતીમાં તેઓ લપેટાતા નથી. સર્વદા તે અવસ્થાઓના સાક્ષી તરીકે રહે છે. મન કે શરીરના વેગ સાથે ફરજીઆત તણાવાની ગુલામગીરીમાંથી તેઓ છુટકારો મેળવે છે. પ્રીય કે અપ્રીય, સુખદ કે દુઃખદ, મનોજ્ઞ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમનોજ્ઞ, રૂચીકર કે અરૂચીકર, શુભ કે અશુભ એ સર્વ ભાવોના ઉદય પ્રત્યે તેઓ સમાનપણે જુવે છે. સર્વ પ્રતિ એવીજ દૃષ્ટિથી જુએ છે કે એ બધા મનના આવિષ્કારો છે. મનોમય ચિત્રો છે. અને એ ચિત્રો પૂર્વકારણોને લઇને રચાયા છે. તેમાં રસપૂર્વક ભળી માનસ-જીવનને લંબાવવાથી આત્માને તે જીવનના ભોક્તારૂપે સાથે સાથે રખડવાનું રહે છે. આથી તેઓ પોતાના સ્વરૂપરસથી તેને પોષણ મળતું તદ્દન બંધ કરી દે છે. અભિમાન વડેજ જેનું જીવિત નભી શકવા યોગ્ય છે, એવું માનસ કલેવર અભિમાનીના અવજ્ઞા પામ્યા પછી તુર્તજ જીવનરહિત થાય છે. આ પ્રકારે મનના બધા પૂર્વકારણો યથાકાળે એક પછી એક ઉદયમાન થઇ જ્યારે પોષણના અભાવે મંદ પડી આખરે મરણ પામે છે, ત્યારે આત્મા તેનું સ્વજીવન અનુભવે છે. પછી માનસ જીવન સાથે ભળવાનું તેને રહેતું નથી. આ કાળે અભિમાનીનો આનંદ મનના ચિત્રો સાથે ભળી તેમાંથી રસ મેળવવામાં રહ્યો છે, પરંતુ જેઓના મનનો સર્વથા નાશ થયેલો છે તેમનો આનંદ એ વિશુદ્ધ આત્માનંદ છે. એ આનંદનું સ્વપ્ન કે ખ્યાલ માત્ર આ કાળે આપણને આવી શકે તેમ નથી કેમકે આપણે આ અવસ્થામાં મનની અભાવસૂચક સ્થિતીની કલ્પના કરી શકીએ તેમ નથી. કલ્પનાજ જ્યાં મનથી કરવાની રહે છે, ત્યાં મનના અસ્તીત્વવાળી સ્થિતીની કલ્પના કેવી રીતે થાય. કલ્પના કરનાર પોતે નહી હોવા પછીની કલ્પના કેમજ કરી શકે ? શુદ્ધ આત્માનંદ કે આત્મસુખનો અનુભવ વર્ણનાતિત અને કલ્પનાતિત છે.

કર્મવડે કર્મ કાપવા અને સાક્ષીપદે સ્થીર રહી કર્મની સાંકળને લંબાતી બંધ કરવી એ બે માર્ગમાં જ્ઞાની જનો બીજા માર્ગને પસંદ કરે છે. પૂર્વનો ઉપાય સંસાર બંધનનો હેતુ છે. ઉત્તર ઉપાય મુક્તિનો સીધો રાજમાર્ગ છે.

આત્માના ભળ્યા શિવાય કોઇપિણ વાસના કે વિકારની શ્રેણી લંબાતી નથી. આપણા વિકારો સાથે આ કાળે આપણે એટલા બધા એકીભાવને પામેલા છીએ કે આપણે એ વાસનાઓથી જુદા છીએ એનું પણ આપણને ભાન નથી. આપણે જાણે તે સાથે જોડાયા વીના ચાલે તેમજ નથી એમ માનીએ છીએ. કેટલીકવાર તો આપણને અપ્રિય એવા વિચારોથી આપણે મુક્ત થવાનો અત્યંત પ્રયત્ન કર્યા છતાં તેમ કરી શકતા નથી તેનાથી મુકત થવા માટે અનેક મનુષ્યો વ્યસનના પાશમાં પડે છે. અપ્રીય પરિસ્થિતિના ભાનમાંથી છુટવા માટે લોકો દારૂ અને અફીણની ગુલામગીરી સ્વીકારે છે. અપ્રીય વિચારશ્રેણીના બંધનમાંથી મુક્ત થવા માટે અનિષ્ટ વ્યસનનું બંધન તેઓ વ્હોરી લે છે. પરંતુ એમાં તો માત્ર ગુલામગીરીનો ફેરફાર રહેલો છે. ખરો ઉપાય આત્મા એ વિચારમાંજ ન ભળે એમાં રહેલો છે. જેમ આપણે અનેક પદાર્થો અને ભાવનાઓ પ્રતિ ઉદાસીનપણે જોઇએ છીએ તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણુને હેરાન કરનાર વિચાર પ્રત્યે પણ ઉદાસીન ભાવે જોતા શીખવું જોઇએ. મનનું ગમે તેવું ચિત્ર તેના માલીકને કાંઇજ ઇજા કરવા શક્તિમાન નથી એવું જ્ઞાન નિરંતર સ્થીર રહે તોજ સમભાવની વૃતિ સચવાઇ રહે છે. જ્ઞાનીજનો ભયરહિત હોય છે માટેજ તેઓ ગમે તેવા સંયોગોમાં સમાધાનવાળી ચિતસ્થિતિ નિભાવી શકે છે. નિર્ભયતા અને સ્વતંત્રતા એ મુકિતપાટણમાં પહોંચવાના રથના બે ચક્રો છે. તે વિના આત્માનો રથ આગળ ગતિ કરી શકતો નથી. જ્ઞાન અને અભ્યાસથી નિર્ભયતા અને સ્વતંત્રતા પ્રાપ્ત થવા યોગ્ય છે. આત્મન્! તારો વારસો સંભાળવા તત્પર થા અને જલદી પ્રયાણ કર. ( અપૂર્ણ. )

|| ૐ ||

# श्री वीर प्रभु भावपूजा स्तव.

( સંતો ! દેખીએ એ પરગટ પુદ્ગલ જાલ તમાસા—એ ચાલ. )

શ્રી વીર પૂજતા રે, ભાવસે આત્મિક આનંદ જામે.
દયા [૧]વારિથી સ્નાન કરીને, સંતોષ [૨]ચીવરને ધારી;
વિવેક તિલક નિજ [૩]ભાલે કરવું, પવિત્ર આશયને સુધારી—શ્રી વીર૦ ૧
ભક્તિ શ્રદ્ધા રૂપ કેસર સાથે, ચંદન મિશ્રિત કરવું;
નવ બ્રહ્મ અંગે શુદ્ધાત્મ દેવનું, [૪]અર્ચન નિશદિન કરવું—શ્રી વીર૦ ૨
ક્ષમા રૂપ સુપુષ્પની માલા, યુગ્મ ધર્મ સમ વસ્રો;
ધ્યાન રૂપ આભરણ ગ્રહિને, પ્રભુના અંગે વિરચતો—શ્રી વીર૦ ૩
મદ સ્થાનના ત્યાગ સમાન એ, અષ્ટ મંગલ આલેખો;
જ્ઞાન રૂપ [૫]વન્હિની માંહે, સંકલ્પ સુધુપ કર પેખો—શ્રી વીર૦ ૪
પૂર્વ ધર્મના ત્યાગ રૂપ ભવિ, લવણો તરણ કરી જે;
ધર્મ સન્યાસ સામર્થ્ય યોગની, આરતિ આત્મિક કીજે—શ્રી વીર૦ ૫
અનુભવ સમ મંગલ દીપકને, શ્રી વીર આગે સ્થાપો;
યોગ રૂપ સુનૃત્યની સાથે, [૬]તૌર્ય ત્રિક જય છાપો—શ્રી વીર૦ ૬
એ વિધ ભાવ પૂજામાં તત્પર, ઉલસિત મન છે જેનું;
સત્ય ઘંટ વજાવે જગમાં, મહોદય કર્મ છે તેનું—શ્રી વીર૦ ૭
ગૃહિપતિ એ ભેદથી પૂજા, દ્રવ્ય ભાવ દોય દાખી;
ગૃહિને યોગ્ય છે દ્રવ્ય યોગીને-ભાવ વિશુદ્ધ છે સાખી—શ્રી વીર૦ ૮

જેઠ અમાસ્યા.
ગણેશવાડી—મુંબઇ

જીજ્ઞાસુ ઉમેદવાર.

૧ પાણી. ૨ વસ્ત્ર. ૩ કપાલે. ૪ પૂજન. ૫ અગ્નિ. ૬ વાજિંત્ર વિશેષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આદર્શ જીવન..

લેખક–જગજીવન માવજી કપાસી. ચુડા.

જે મનુષ્યો દ્રઢતાથી પ્રયત્નો કરે છે અને નિરૂત્સાહ થતાં નથી; તેઓ પોતાનાં જીવનને આદર્શ કરી શકે છે. લેખની શરૂઆતમાં આ વાકય લખવાની એટલા માટે આવશ્કતા છે કે મનુષ્ય જે જે પ્રકારનાં કર્મો કરે છે, તેનું અવસ્ય ફળ મળે છેજ, અને કર્મો ધર્મમય હોય તો તે દ્વારાએ અવશ્ય જીવનને ઉત્તમ, શાંત અને સુખી બનાવી શકાય છે.

દિવસ અને રાત્રી મનુષ્ય માત્ર જીવનને સુખી બનાવવાને માટે લક્ષાવધિ પ્રયત્નો કરે છે અને જીવનનો મોટો ભાગ તેમાંજ વ્યતિત કરે છે, એ આપણે જાણીએ છીએ; પરંતુ ઘણાં મનુષ્યો પોતાના પ્રયત્નોમાં સફલતા પ્રાપ્ત કરી શકતાં નથી. સામાન્યત: મનુષ્ય જીવનની બાલ્યાવસ્થા, યુવાસ્થા અને વૃદ્ધાવસ્થા, એવી રીતે ત્રણ અવસ્થાઓ પાડી શકાય છે. ત્રણે અવસ્થામાં સ્ત્રી અને પુરૂષ સુખ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીળ રહે છે. જીવનનો હેતુ અને તેનું લક્ષ્યસ્થાન સમજ્યાં પછી જો સુખ મેળવવા માટે પ્રયત્નો કરવામાં આવતાં હોય, તો ઇચ્છિત વસ્તુને તુરતમાં પ્રાપ્ત કરી શકાય છે. જો મનુષ્યો જીવનના રહસ્યને સમજ્યાં સિવાય ગમે તે માર્ગે અને મન-પસંદ રીતે સુખી થવાના પ્રયત્નો કરે અને તેમાં નિરાશ થાયતો તે સ્વાભાવિક છે તેથી જીવનના હેતુને સમજવાની પ્રથમ અગત્ય છે. મનુષ્ય જીવન કેમ પ્રાપ્ત થયું એ પ્રશ્નના ઉત્તરમાં પૂર્વકૃત્ય પુન્યના યોગથી મનુષ્ય જીવન જેવું સર્વોત્તમ જીવન પ્રાપ્ત થયું છે એમ કહેવું પડશે.

બાળક જન્મે છે ત્યારથી એક મનુષ્ય તરીકેના સંસ્કારો તેને પડવા માંડે છે. ખરૂં કહીએ તો બાળક માતાના ગર્ભમાં હોય, ત્યારથીજ તેને સંસ્કારો પડે છે. કેટલાક અજ્ઞાન મનુષ્યો એમ ધારે છે કે નાના બાળકમાં અને તે પણ ગર્ભમાં તેનામાં શું સમજવાની શકિત હોય કે જેથી તેના ઉપર સંસ્કારો પડે ? આ માન્યતા કેટલે અંશે ભૂલ ભરેલી છે, તે આપણે જોઇએ. બાળકનું સ્થૂળ શરીર નાનું છે તેથી તેનામાં સમજવાની શકિત નથી, એમ ધારવાનું કાંઇપણ પ્રયોજન નથી. બાળકને તેની માતા પાસેથી જ્યારે અન્ય મનુષ્ય લેવા માંડે છે ત્યારે પ્રથમતો તે તેની પાસે જવાનીજ આનાકાની કરે છે, અને કદાચ જાય છે, તો અનિચ્છાએ મહા પ્રયાસ કરવાથી જાય છે. આનું કારણ શું, એનો તમે કદી વિચાર કર્યો છે ખરો ? જો નજ કર્યો હોય તો હમણાંજ કરી જૂઓ અને તમને સ્પષ્ટ સમજાશે કે નાની વયમાંથીજ તેનામાં સમજણશક્તિ રહેલી છે અને તેથીજ તે આનાકાની કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળક એમ સમજે છે કે જે સુખ અને જે સ્નેહની લાગણી માતાની પાસેથી મળે છે, તે અન્યની પાસેથી તેવાજ સ્વરૂપમાં અને તેટલાંજ પ્રમાણમાં મળશે નહિ; તેથી તે અન્ય સ્ત્રી અથવા પુરૂષની પાસે જવાને ખુશી થતું નથી. બાળક કાંઇજ સમજતું નથી, એમ જ્યારે આપણે વિચારીએ છીએ, ત્યારે તેના સ્થૂલ શરીરની અંદર કોઇ ઇતર તત્ત્વ રહેલું છે, એ આપણે ભૂલી જઇએ છીએ. એ તત્ત્વ એ આત્મા અથવા જીવ છે. જગતમાં જડ અને ચેતન અથવા જીવ અને અજીવ એવા બે પદાર્થો છે. જેનામાં જીવ છે તેને ચેતન કહેવાય છે અને જેનામાં જીવ નથી તેને જડ અથવા અજીવ કહેવાય છે. ઇહ જગતમાં વસ્તુતઃ માત્ર એ બેજ પદાર્થો છે. આપણી દ્રષ્ટિમાં જે જૂદા જૂદા અનેકવિધ સ્વરૂપો જોવામાં આવે છે તે સર્વમાં જડ અને ચેતનનોજ વાસ છે. જેમ સોનું એ એકજ પદાર્થ છે અને તેમાંથી અનેક પ્રકારના ઘરાણાં બનાવવામાં આવે છે, પરંતુ સર્વમાં સોનુંજ રહેલું છે, તેમ જગતમાં દ્રશ્યમાન થતાં સર્વ પદાર્થો જડ અને ચેતનનાંજ બનેલાં છે. સાયન્સથી જડ પદાર્થોમાં ઘણુંજ સામર્થ્ય રહેલું છે, એ આપણે જાણીએ છીએ અને અનુભવીએ પણ છીએ. પરંતુ આત્મતત્ત્વની અથવા ચેતનની તેનાથી પણ અગાધ શક્તિ છે. માત્ર જડપદાર્થોના સહવાસથી આત્માની અસીમ શક્તિ જોવામાં આવતી નથી. સુવર્ણની સાથે પ્રથમ જ્યારે માટી ભળેલી હોય છે, ત્યારે તેની કશી કીંમત અંકાતી નથી; પરંતુ તેને અગ્નિમાં નાંખી તપાવીને શુદ્ધ કરવામાં આવે છે ત્યારેજ તેની ખરી કીંમત અંકાય છે અને મનુષ્યો હર્ષથી તેનો સ્વિકાર કરે છે. તેમ જડ કર્મોરૂપી માટીથી આત્મા જ્યાંસુધી ઢંકાએલો રહે છે, ત્યાંસુધી તેનું અનંતવીર્ય પ્રગટતું નથી. જ્યારે આત્મા જડ કર્મોથી મુક્ત થાય છે, ત્યારે તેને અનંત સુખ અને શાંતિનું ભાન થાય છે અને તે પરમાત્મસ્વરૂપ બને છે. બાલકમાં રહેલા આત્મતત્ત્વની તેટલીજ શક્તિ છે; પરંતુ જ્યાંસુધી તે શક્તિનો વિકાસ થયેલો નથી ત્યાંસુધીજ આત્મા નિર્બલ ભાસે છે. આત્માના અનેક જૂદા જૂદા સ્થૂલ સ્વરૂપો છે, તેમાં મનુષ્ય સ્વરૂપ સર્વોત્તમ છે અને તે દેવોને પણ દુર્લભ છે. ઇતર સ્વરૂપોમાં આત્માની જે શક્તિ હોય છે, તેના કરતાં મનુષ્ય સ્વરૂપમાં તે સામર્થ્યનો વિકાસ વિશેષ થયો હોય છે; તેથી બાળકને જેવાં જેવાં સંસ્કારો આપણે પાડવા ઇચ્છીએ છીએ, તેવાં સહજમાં પડે છે.

મોક્ષને પ્રાપ્ત કરવું અથવા પરમાત્મસ્વરૂપ બનવું, એ પ્રત્યેક જીવાત્માનું લક્ષ્યસ્થાન હોવું ઘટે છે; કારણકે આત્માની એજ પરમસ્થિતિ છે અને જ્યાં સુધી એ સ્થિતિએ પહોંચાતુ નથી ત્યાંસુધી આત્માને શાંતિનું ભાન થતું નથી. સર્વોત્તમ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે મનુષ્ય જીવજન સાધન છે એટલે તેની ઉત્તમતા વિષે જેટલું કહીએ તેટલું થોડું જ છે. મનુષ્ય જીવન સર્વોત્તમ છે, એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટલું સમજી બેસી રહેવાથી કાંઇ સાફલ્ય નથી; પરંતુ એવા સર્વોત્કૃષ્ટ કહેવાતાં જીવનને પરમાત્મપદ પ્રાપ્ત કરવામાં સરલતા થઇ પડે તેવું અનુકૂળ અને આદર્શ કરી શકીએ તોજ લાભ થવાનો સંભવ છે. આ લેખમાં જીવનને કેવી રીતે આદર્શ કરવું અથવા વસ્તુત: ઉત્તમ બનાવવું, એ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ લેખમાં જે કહેવામાં આવ્યું છે, તે કાંઇ નવીન નથી પણ વર્ષોના વર્ષોથી મહાન પુરૂષો જે સત્યને પ્રબોધતાં આવ્યા છે, તેજ આ લેખમાં જોવામાં આવશે. માત્ર વર્તમાન સમયને અનુકુળ એવી શૈલીથીજ લખવામાં આવેલ છે.

પ્રથમ કહેવામાં આવ્યું છે કે બાળક જન્મે છે ત્યારથીજ નહિ પણ તે ગર્ભમાં હોય છે ત્યારથીજ તેના ઉપર સંસ્કારોની છાપ પરે છે, એ હવે તમને સમજાયું હશે, કહેવાનું તાત્પર્ય એ છે કે બાળકમાં સમજણશક્તિ રહેલી છે અને તેથી તમે જેવા આચાર વિચારની છાપ તેના ઉપર પાડશો, તે તુરતમાં પડી જશે. સ્નેહને વશ થઇ માતા પિતા કેટલોક વખત બાળકને અયોગ્ય છૂટ આપે છે અને તેની અયોગ્ય ઈચ્છાઓને પૂરી પાડે છે અને તે માટે સંપૂર્ણ કાળજી ધરાવે છે. પણ બાળક ભવિષ્યમાં સદ્ગુણી થાય, ધાર્મિક થાય, ઊત્તમ પુરૂષ થાય, સમાજ કે દેશ સેવક થાય, અને પોતાનાં જીવનને આદર્શ અને સુખમય બનાવવાને સામર્થ્યવાન થાય, એ માટે ઘણાજ થોડા પ્રમાણમાં–અરે નહિ જેવીજ કાળજી રાખવામાં આવે છે. આનું કારણ અન્ય કશુંજ નથી પણ માતાપિતાજ જ્યાં જીવનના યથાર્થ રહસ્યને સમજતા ન હોય અને ધર્મના સત્યમાર્ગને મૂકી અધર્મયુક્ત વર્તન ચલાવતાં હોય, ત્યાં તેઓ બાળકો ઉપર સારા સંસ્કારો નજ પાડી શકે, એ સ્વાભાવિક છે. માનવસ્વભાવ અન્યનું અનુકરણ કરનારો હોવાથી બાળકો પણ પોતાના માતાપિતાનું અનુકરણ કરતાં શીખે છે, અને જીવનના ઉચ્ચ આશયને સમજ્યા સિવાય કેવળ દુ:ખપૂર્ણ અવસ્થા ગાળે છે. પ્રાણીમાત્ર જીવનને સુખી બનાવવાને ઇચ્છે છે, અને એવી ઈચ્છા હોવી એ પણ સ્વાભાવિકજ છે. પરંતુ તેઓ જીવનને સુખી બનાવવા માટે જે માર્ગે ચાલતા હોય છે, તે માર્ગ સત્ય માર્ગથી ઘણોજ નીરાળો અને દૂર રહેલો હોય છે. પ્રિય બન્ધુ અને બ્હેન! તમે ઘણાં સમયે શારીરિક અને માનસિક દર્દોથી પીડાતાં હો છો અને વારંવાર તમે શોકથી, દુ:ખથી, પરિશ્રમથી, અને મનોવેદનાથી મનુષ્ય જીવનથી હારી ગયેલાં, ઉદાસ અને ચેતનહિન જણાવો છો. કોઇ કોઇ સમયે તમે હું હવે સંપૂર્ણ સુખી છું, એમ માની બેસો છો, પણ સમય જતાં તમારી માની લીધેલી કલ્પનામાં પણ તમે ઠગાયા છો એમ તુરતજ માલુમ પડી આવે છે. આમ વારંવાર નિરાશા પ્રાપ્ત થવાનું શું કારણ, એનો વિચાર તમે કરો છો ખરા? ઉત્તરમાં તમે નાજ પાડવાના, ત્યારે મારે તમને કહેવું પડશે કે જે રસ્તે તમે સુખી થવાનો પ્રયત્ન કર્યો છે અથવા કરો છો, એ રસ્તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ માર્ગ કેવળ ખોટોજ છે. હજીસુધી તમે એ સર્વ વિજયી માર્ગને જાણ્યો નથી તેથીજ તમે સફલતા મેળવી શકતાં નથી. એ સર્વ વિજયી માર્ગ દર્શાવવાને માટેજ આ લેખ લખવામાં આવ્યો છે અને તેના વાંચનથી માત્ર નહિ પણ તેના યથાર્થ વર્તનથી તમે અવશ્ય જીવનને આદર્શ અને સર્વોત્તમ બનાવી શકશો. જીવનને સુખી બનાવવાની ચિંતામાં નિરાશ થઇ, ભાઈ! તમે આમ ક્યાંસુધી બેસી રહેશો ? ઉઠો, જાગૃત થાઓ અને પ્રયત્ન કરો. તમારા સામર્થ્ય પાસે એકપણ એવી વસ્તુ નથી, એકપણ એવી સ્થિતિ નથી કે જે તમારા અધિકાર તળે ન આવે. પ્રત્યેક ઉચ્ચ સ્થિતિ તમારા માટે રાહ જુવે છે, માત્ર તમારાં પ્રયત્નનીજ ખામી છે.

પરમાત્મ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે અથવા ઉચ્ચ સુખોને અનુભવવા માટે આદર્શજીવન, એજ સર્વોત્તમ માર્ગ છે. જીવનને આદર્શ બનાવવું, સદ્‌ગુણી, બનાવવું અને ઉચ્ચ બનાવવું, એ પ્રત્યેક મનુષ્યની અનિવાર્ય ફરજ છે. આ આશયને પ્રધાનભૂત ગણી આપણાં વ્યવહારના સર્વ કાર્યોમાં ધર્મનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તે પ્રમાણે વર્તવાનું ધર્મશાસ્ત્રોમાં આગ્રહપૂર્વક ફરમાન કરવામાં આવ્યું છે. પરંતુ માનવ સમાજ ઘણે અંશે આ આજ્ઞાને વિસરી ગયો હોવાથીજ તેની દુર્દશા થઈ છે. જ્યાંસુધી આપણા વ્યવહારમાં ધર્મનો વાસ હતો, ધર્મને માટે પ્રાણાંત કષ્ટો સહન કરીને પણ તેને દૃઢતાથી વળગી રહેવામાં આવતું ત્યાંસુધી ઘણાં મનુષ્યો સુખી અને સરલ જીવન અનુભવી શકતાં હતાં અને પોતાનું શ્રેય સાધી શકતાં હતાં. ધર્મને અને ઉચ્ચ આચાર વિચારને જેમ જેમ વિસારવામાં આવ્યાં, તેમ તેમ આપણી અધોગતિ થતી ગઇ અને હજી પણ જો આપણે વિચાર પૂર્વક મૂળ માર્ગે નહિ આવીએ તો વિશેષ અધોગતિ થશેજ. આદર્શજીવન કરવાને માટે ધર્મજ્ઞાનની અને તે પ્રમાણે વર્તવાની ઘણીજ અગત્ય છે અને તે સંબંધી લખવા જેવું અમે " આત્માનંદ પ્રકાશ " ના ગતાંકમાં અમારા " ધાર્મિક શિક્ષણ " નામક લેખમાં દર્શાવી ગયા છીએ, એટલે અહીં તે સંબંધી વિશેષ લખવાની અગત્ય નથી. સંસારી જીવન અને વિરાગી જીવન એવા બે ભાગ પાડીને આદર્શજીવન કેવી રીતે બનાવવું, એ વિષે હવે આપણે વિચાર કરીએ. વિરાગી જીવન એ સંસારી જીવનથી વધારે ઉચ્ચ છે, પરંતુ એ જીવનમાં કેવી રીતે વર્તવું એ વિગેરે યથાર્થ રીતે કથવાનો અધિકાર વિરાગી મહાત્મા પુરૂષોનો હોવાથી અમે અત્ર તે વિષે વિવેચન કરતાં નથી. અત્ર તે વિષે એટલુંજ કહેવું બસ છે કે વિરાગી જીવનના પરિશિલનથી પરમપદને તુરત પ્રાપ્ત કરી શકાય છે એ નિસંશય છે. હમણાં હમણાં વિરાગી જીવન કરતાં સંસારી જીવન ઉત્તમ છે અને એજ આવશ્યકતા છે, એમ કેટલેક સ્થળેથી અમુક અપેક્ષાએ કહેવાય છે. ગમે તેમ હો, પણ એ વિષે વધુ વિવાદ કરવો એ પણ જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખમાં તો ગૃહસ્થાશ્રમને અનુલક્ષી આદર્શ જીવન કરવાનો માર્ગ દર્શાવવામાં આવતો હોવાથી આપણે અત્ર જે લખીએ છીએ તે સંસારી જીવન વિષેજ લખીએ છીએ, એ કહેવાની જરૂર નથી. દાન, શીળ, તપ અને ભાવ એ ચાર માર્ગથી-જીવનને ઉચ્ચ બનાવી શકાય છે. આ ચાર માર્ગો વાંચક બન્ધુઓને વાંચવામાં આવ્યા હશે પણ વાંચવા માત્રથીજ કશો લાભ થવાનો સંભવ નથી. ગૃહસ્થાશ્રમમાં દાન-ધર્મની અત્યંત અગત્ય છે, શીળ, તપ અને ભાવની પણ તેટલીજ જરૂર છે; પરંતુ જ્યાંસુધી તે પ્રમાણે આચાર રાખવામાં ન આવે, ત્યાંસુધી માત્ર ઉપર ઉપરથી જાણ્યાથી કે વાંચ્યાથી લાભ થતો નથી. આપણાં સમાજની અને દેશની આર્થિક સ્થિતિ દિનપ્રતિદિન બહુ ખરાબ થતી જાય છે. વારંવાર દુષ્કાળ પડવા લાગ્યા છે અને તેથી અન્ન વિના ઘણાં મનુષ્યો ભૂખે મરતાં આપણે સાંભળીએ છીએ. આપણાં દેશબાંધવો અને સાધર્મીભાઇઓ એક કટકા રોટલા માટે ટળવળે અને આપણે સુખ પૂર્વક ઉત્તમ ભોજન જમીએ, એ કેટલી બધી સ્વાર્થપરાયણતા ? તમારામાં આપવાની શક્તિ છતાં ઘણા સમયે તમે ઘેર માગવા આવેલા ભિક્ષુકને અપશબ્દો કહી હાંકી કાઢો છો અને તમારી જાતને માટે, કુટુંબને માટે ગમે તેવા અધમ કૃત્યો કરી મોજશોખનાં સાધનો પૂરા પાડો છો. ભાઇ ! આવી સ્વાર્થવૃત્તિ તમને શોભે છે ? તમે એક સર્વોત્તમ મનુષ્ય પ્રાણી થઇને તમારા બન્ધુઓ માટે કાંઇ કાળજી ન રાખો, એ કેવી શરમની વાર્તા ? ગૃહસ્થોને માટે દાન એ મુખ્ય અને પ્રથમ ધર્મ છે અને તેને અવશ્ય દરેક ગૃહસ્થોએ પાળવોજ જોઇએ. દાન દેવાથી સામા મનુષ્યનું કલ્યાણ થાય છે, એટલુંજ નહિ પણ દાન દેનારનું વિશેષ થાય છે. આત્માની ઉન્નત દશા કરવામાં સ્વાર્થવૃત્તિ અત્યંત હાનિકારક છે, તેથી દાન દેવાથી તે સ્વાર્થવૃત્તિ ઉપર જય થાય છે. અતિથિ સત્કારનો પણ એજ અર્થ થાય છે કે ઘેર આવેલા મનુષ્યોને હરેક રીતે સંતોષ પમાડવા. બન્ધુ ! તમે કપડાલત્તામાં અથવા ચાહ્યા, બીડી, પાન, સોપારી આદિમાં કરકસર કરી બચત રકમ તમારા ગરીબ બન્ધુઓને માટે ખર્ચી શકો તેમ છો અને બ્હેન ! તમે પણ એકાદ સાડી કે આભુષણ ઓછું પહેરી બચત રકમનો ઉપયોગ તમારી દુ:ખી બ્હેનોને માટે કરી શકો તેમ છો; તેથી તમે ઉન્નતિનું બાધક તત્ત્વ જે સ્વાર્થ તેનો જય કરી જીવનને ઉચ્ચ કરી શકશો. કહેવાનો ભાવાર્થ એ છે કે જીવનને આદર્શ, ઉચ્ચ અને સુખી બનાવવા માટે દાન દેવાની બહુજ જરૂર છે. આપણાં ધર્મશાસ્ત્રોએ સુપાત્ર દાન દેવાની જે આજ્ઞા કરેલી છે, તે લક્ષમાં રાખી તમારી શક્તિ મુજબ દાન દીધા કરશો તો અવશ્ય તમને અધિક અને અધિક સંપત્તિ પણ મળશે.

ત્યારપછી આદર્શ જીવન કરવાને માટે શીળ માર્ગની આવશ્યકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે વિચાર કરીએ. શીળના આંહી બે અર્થ કરશું. એક સદાચાર અને બીજો અર્થ બ્રહ્મચર્ય. જીવનને ઉત્તમ બનાવવા માટે સદાચાર અને બ્રહ્મચર્યની ખાસ અગત્ય છે. સત્ય, દયા, ન્યાય, પ્રમાણિકતા, ઉદારતા આદિ ઉચ્ચ સદગુણોના ધારક થવું, એ સદાચાર છે. નીતિ અને ધર્મયુકત વર્તન દેવગુરૂની ભકિત અને ઉત્તમ કર્મો એની પણ સદાચારમાં ખાસ જરૂર છે. આ સદ્ગુણો સિવાય તમારૂં જીવન ઉન્નત થઇ શકશે નહિ માટે તેમને પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ કરશો અને તે પ્રમાણે તમારૂં વર્તન પણ રાખશો. શીળનો બીજો અર્થ બ્રહ્મચર્ય થાય છે, પણ ગૃહસ્થથી સર્વથા તે પાળી શકાતું નથી. તેથી ગૃહસ્થે સ્વદારા સંતોષવૃત લેવાનું છે. સ્વસ્ત્રી સિવાય બીજીને મા અને બ્હેન સમાન ગણી તે પ્રમાણે વર્તવું, એ ગૃહસ્થની ખાસ ફરજ છે. અને સ્ત્રીએ પોતાના પતિ સિવાય અન્ય પુરૂષોને ભાઇ બાપ સમાન ગણવા અને તે પ્રમાણે વર્તવું, એ પ્રત્યેક ગૃહિણીની ખાસ ફરજ છે. પરંતુ આંહી અમને દીલગીરી સાથે કહેવું પડે છે કે ઘણી સ્ત્રીઓ અને ઘણાં પુરૂષો આ ફરજ વીસરી ગયાં છે. હિન્દુ ધર્મશાસ્રોએ ગૃહસ્થાશ્રમને ઉત્તમ દર્શાવ્યો છે; પરંતુ ઉત્તમ ગૃહસ્થાશ્રમના ખાસ બે અંગો પતિ અને પત્ની–એમની ઘણાં સંસારોમાં દુર્દશા જોવામાં આવે છે. દંપતી વચ્ચે જે અખંડ પ્રેમ હોવો જોઇએ, જે કેવળ શરીરની નહિ પણ મનની અને આત્માની એકતા હોવી જોઇએ, તે માં-હેનું આજે ઘણાં દંપતી વચ્ચે કાંઇ જોવામાં આવતું નથી. પતિએ પોતાની પત્નિને ગૃહની દેવી અને જીવનની સહચારી ગણવી જોઇએ તેના બદલે ગાલીપ્રદાનથી કર્ણ-કટુ ઉપનામોથી ઓળખવામાં આવે છે. પત્નીએ પોતાનાં પતિને આરાધ્ય દેવ, પરમપૂજ્ય અને પોતાના જીવનનું સર્વસ્વ ગણવા જોઇએ, તેના બદલે ઘણી સ્ત્રીઓ પતિને એક સામાન્ય મનુષ્ય અને પોતાનાં વિષયનો દાસ ગણે છે. અમારૂં આ કથન અતિશયોકિત ભરેલું નથી, એ અમે ખાત્રી પૂર્વક કહીએ છીએ. અહો! ઉત્તમ કહેવાતા ગૃહસ્થાશ્રમની આથી વિશેષ દુર્દશા શું હોઇ શકે? ગૃહસ્થજીવનને આદર્શ અને ઉત્તમ કરવાને માટે પતિ પત્નીનો સંબંધ આવશ્યક છે અને તેથી કરી ઉભયની વચ્ચે શુદ્ધ અને નિર્મળ પ્રેમ હોવો જોઇએ. પતિ પત્નીનો સંબંધ એ કાંઇ કેવળ વિષયોને સંતોષવા માટે નથી પણ ઉભયે સાથે રહીને કુટુંબનું, સમાજનું, પોતાના આત્માનું અને દેશનું કલ્યાણ સાધવા માટેજ છે. સ્ત્રીએ પોતાનો પતિ ગમે તેવો દોષવાન હોય અને તેમનામાં ગમે તેટલા દુર્ગુણો હોય; તોપણ તે પ્રતિ લક્ષ ન આપતાં પતિમાં સદ્ગુણ જોવાની બુદ્ધિ રાખવી અને પતિને ઇશ્વર તુલ્ય ગણી તેની શુદ્ધ ભાવથી સેવા કરવી જોઇએ, તેમ પુરૂષે પોતાની પત્નીને સુખી કરવાને માટે, તેના તરફ પ્રેમ દર્શાવવાને માટે અને તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવીતૂલ્ય ગણવાને માટે તત્પર રહેવું જોઇએ, ગૃહસ્થાશ્રમને સર્વોત્તમ કરવાને માટે ઉભયે એ પ્રમાણે વર્તવાની જરૂર છે અને તેથી તેઓ પોતાના જીવનને અત્યંત ઉચ્ચ અને આદર્શ કરી શકશે.

ગૃહ જીવનમાં તપની પણ તેટલીજ અગત્ય છે. કરેલાં પાપ કર્તવ્યોનું પ્રાયશ્ચિત કરવા માટે નવા પાપકર્મ નહીં કરવા માટે અને શારીરિક તન્દુરસ્તી જાળવી રાખવા માટે ઉપવાસાદિ વૃતોની પણ અત્યંત આવશ્યકતા છે. પરંતુ હમણાં જે માત્ર દેખાદેખીથી અથવા અડંબરથી તપ કરવામાં આવે છે, તેથી ખરૂં કલ્યાણ થતું નથી. બાહ્ય તપની સાથે અભ્યંતર તપ એટલે મનના સંયમની અગત્ય વિશેષ છે. ગૃહસ્થોએ જીવનને સુખી કરવાને માટે શ્રદ્ધાપૂર્વક શકિતના પ્રમાણમાં બાહ્ય તપ વિચાર પૂર્વક કરી અને ધીરે ધીરે મનને સંયમમાં રાખવાની ટેવ પાડતાં રહેવું; તેથી તમે તમારા જીવનને આદર્શ કરી શકવા સમર્થ થશો.

જીવનને ઉત્તમ કરવા માટે ચતુર્થ ઉપાય ભાવના છે. ભાવનાનો અર્થ વિચાર થાય છે. પ્રત્યેક મનુષ્યોએ ઉત્તમ વિચાર કરવાની અનિવાર્ય અગત્ય છે. મનુષ્યના સુખ દુઃખનો આધાર પણ ભાવના અથવા વિચાર ઉપર રહેલો છે. કારણ કે મનુષ્ય જેવા પ્રકારનાં વિચાર કરે છે, તેવાં કાર્યો તેનાથી થાય છે અને તેનું સારૂં અથવા ખરાબ ફળ મળે છે. જો વિચાર શુદ્ધ હોય તો કાર્ય પણ શુદ્ધ થાય અને તેનું ફળ પણ સારૂં મળે. અશુદ્ધ વિચારથી અશુદ્ધ કાર્ય થાય છે અને તેનું ફળ ખરાબ મળે છે. વિચારનું અતૂલ સામર્થ્ય છે અને જો તમે એ સામર્થ્યને પ્રાપ્ત કરી શકો તો પછી તમારા માટે કરવા જેવું કાંઇ રહેતું નથી. આત્મા સર્વ શકત અને અનંતવીર્ય છે, એ આપણે જાણીએ છીએ. હવે વિચાર એ આત્માના સૂક્ષ્મપ્રદેશમાંથી ઉદ્ભવે છે; તેથી તેનામાં પણ તેટલુંજ બળ છે. પરંતુ એટલું યાદ રાખવું કે શુદ્ધ વિચારથીજ તમે તમારૂં કલ્યાણ કરી શકશો. પ્રાણી માત્રનું હિત ઇચ્છવું, એ શુદ્ધ વિચાર છે અને એ વિચારને અનુકુળ દિશામાં વાળવાનું સામર્થ્ય તમે પ્રાપ્ત કરી શકો તો પછી ગમે તેવી ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવી, એ સહજ છે. વિચારમાં કેટલું સામર્થ્ય છે અને તે કેવી રીતે મેળવી શકાય, એ સંબંધી પરમાત્માની કૃપા તો અમે "આત્માનંદ પ્રકાશ" માં એક સ્વતંત્ર લેખ લખવા ઇચ્છા રાખીએ છીએ; તેથી તે વિષે અત્ર વધુ વિવેચનમાં ઉતરતા નથી. અત્ર એટલું કહીએ છીએ કે જીવનને ઉચ્ચ કરવાને માટે ઉત્તમ ભાવનાની ખાસ અગત્ય છે.

હવે છેવટમાં દાન, શીળ, તપ અને ભાવ એ ચતુર્વિધ માર્ગથી તમે તમારા જીવનઆદર્શ, ઉત્તમ, અને સુખી બનાવી શકશો. એક વખત જો તમે તમારાં જીવનને આદર્શ કરી શક્યાં તો પછી તમે મનુષ્ય મટી દેવ થશો, ઐહિક તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારલૌકિક સર્વ સંપત્તિ અને વિભૂતિ તમને આપોઆપ પ્રાપ્ત થશે અને છેવટે પરમાત્મસ્વરૂપમાં મળીજઇ અખંડ આનંદ અને શાંતિને અનુભવશો. અહો ! તે નિરવધિ સુખની કલ્પના માત્ર પણ કેટલી આનંદને પ્રગટાવનારી છે ? બન્ધુ અને બ્હેન ! આવો ત્યારે આપણે તે સ્થિતિને પ્રાપ્ત કરવા માટે જીવનને આદર્શ કરવાનો દૃઢ નિશ્ચય કરી વિરમીએ. અસ્તુ.

# कषाय.

## ( *અનુવાદ. )

### ( અનુવાદક વકીલ નંદલાલ લલ્લુભાઈ—વડોદરા. )

મનુષ્ય જીવનમાં કષાય બધાથી નીચ અને ખરાબ ચીજ છે. એનાથી નીચી અને બુરી બીજી કોઈ પ્રવૃતિ નથી. કષાયરૂપી કુંડમાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહ, લોભ, માન, માયા, દ્રોહ, મત્સર, અપમાન, મિથ્યા અપવાદ જૂઠું ભાષણ, હિંસા, ચોરી, વિગેરે દુર્ગુણો વસે છે. આ દુર્ગુણો મનુષ્યના મનરૂપી વનમાં સદા ભ્રમણ કર્યા કરે છે. એ સિવાય શોક, દુ:ખ, સંતાપ, પશ્ચાતાપ, વિગેરેની ભયંકર મૂર્તિઓ પણ મન ઉપર સદા અધિકાર ચલાવે છે. એવા અંધકારમય પ્રદેશમાં અજ્ઞાની માણસો વસે છે, કે જેમને શાંતિની અગર પરમાત્મ પ્રકાશથી ઉપજતા પરમાનંદની ખબર હોતી નથી. જો કે તે તેના ઉપર પ્રીતિભાવ રાખે છે, પણ તેથી તેને કાંઈ લાભ પ્રાપ્ત થતો નથી. કારણ તેની દૃષ્ટિ પરમાનંદ ઉપર પડતી નથી, પણ સદા પુદ્ગલિક પદાર્થો ઉપર લાગી રહે છે.

જ્ઞાની પુરૂષો બાહ્યદૃષ્ટિથી નહિ જોતાં તત્વદૃષ્ટિથી જુએ છે. તેમને કષાયરૂપી જગતમાં સંતોષ અને આનંદ લાગતો નથી. તેઓનું લક્ષ્યબિંદુ સદા શાશ્વત સ્થાન કે જ્યાં સદા આનંદ વર્તે છે, તે સ્થાન પ્રાપ્ત કરવાનું હોય છે. તે પ્રદેશ પ્રથમ તો તેમને બહુ દુર માલમ પડે છે, પણ જેમ જેમ ગુણસ્થાનના પ્રદેશમાં તેઓ આગળ વધતા જાય છે, તેમ તેમ શાંતિનો પ્રદેશ તેમને નજીક માલમ પડે છે. શાંતિના પ્રદેશ તરફ મુસાફરી કરવાની શરૂઆતમાંજ અંશે અંશે કષાયોને છોડવા પડે છે. જ્યાં સુધી કષાયો છોડવાની અથવા કષાય પાતળા કરવાની શક્તિ ફોરવે નહી ત્યાંસુધી ગુણસ્થાનના ઉંચ પ્રદેશ તરફ મુસાફરી કરવાની શરૂઆત થઈ શકે નહિ.

કષાયનું ક્ષેત્ર સર્વથી નીચું છે, એનાથી નીચું કોઈ સ્થાન નથી. એમાં પડેલા

* જૈન હિતૈષી ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોને અનેક પ્રકારના કષ્ટો ભોગવવાં પડે છે. જેમનું લક્ષ પોતાના હિત તરફ છે તેમને કષાયના પ્રદેશમાંથી નીકળી ગુણસ્થાનના પ્રદેશ તરફ ચાલવાની શરૂઆત કરવી ઉચિત છે. ઉન્નતિ માર્ગ કઠિન અથવા દુર નથી, તે નજીક છે. પોતાના ઉપર વિજય પ્રાપ્ત કરી લો, આપણી ઇંદ્રિયોને વશ કરો, બસ ઉન્નતિ માર્ગ મળી જશે. જે માણસમાંથી સ્વાર્થની ગંધ નીકળી ગઇ હોય અને જેમને પોતાની ઈચ્છાઓ વશ કરી પોતાના મન ઉપર અધિકાર ચલાવવાની શરૂઆત કરી હોય તેઓનાથી ઉન્નતિનો માર્ગ વેગળો નથી.

કષાયી મનુષ્ય પોતાની જાતનો શત્રુ છે, શાંતિનો ઘાતક અને આનંદનો નાશ કરનાર છે. કષાયી મનુષ્ય નીચમાં નીચ અને અધમમાં અધમ કામ કરવા તૈયાર થઇ જાય છે. કષાય દુઃખનું મૂળ અને પાપોની ખાણ છે.

મનુષ્ય અંતરંગમાં સ્વાર્થની બુદ્ધિ ઉત્પન્ન થવાનું કારણ વસ્તુના સ્વરૂપ અને સ્વભાવનું અજાણપણું અને શાંત અને પવિત્ર માર્ગની અજ્ઞાનતા છે. કષાય અંધકારરૂપ છે. તેનો વધારો જ્યાં અધ્યાત્મ અને આત્મજ્ઞાનનો અભાવ હોય છે, ત્યાં થાય છે. જ્યાં અધ્યાત્મ અને આત્મજ્ઞાન છે ત્યાં તેનો પ્રવેશ થઈ શકતો નથી. જ્ઞાની પુરૂષના મનમાંથી અજ્ઞાન નાશ પામે છે, અને હૃદયની નિર્મળતા વધતી જાય છે. નિર્મળતા વધવાથી વાસનાઓનો પણ ક્ષય થતો જાય છે.

કષાય પ્રત્યેક ક્ષણ અને પ્રત્યેક અવસ્થામાં દુઃખ, આપત્તિ અને અશાંતિનું કારણ છે. અગ્નિ જોતજોતામાં મોટી મોટી ઇમારતો અને વસ્તુઓને બાળી ખાખ કરી નાખે છે. તેજ પ્રમાણે કષાયની અગ્નિ મનુષ્યોને ભસ્મ કરી નાખે છે અને તેમના કાર્યોનો નાશ કરી નાખે છે.

જો તમને શાંતિની અભિલાષા હોય તો કષાયોનો નાશ કરો. જ્ઞાની પુરૂષ કષાયોને સમાવે છે પરંતુ મૂર્ખ માણસો કષાયોને તાબે થાય છે. જે મનુષ્યો જ્ઞાન અને બુદ્ધિની ચાહના કરતા હોય તેમણે મૂર્ખતા અને અજ્ઞાનતાથી દુર રહેવું જોઇએ. શાંતિનો ઇચ્છક શાંતિનો માર્ગ ગ્રહણ કરે છે ને જેમ જેમ તે માર્ગ તરફ પ્રયાણ કરે છે, તેમ તેમ કષાય, દુઃખ, નિરાશારૂપી અંધકારમય પ્રદેશોને છોડતો જાય છે.

જ્ઞાન અને શાંતિ પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા મનુષ્યે કષાયોનું સ્વરૂપ જાણવું જોઈએ. જે સમયે એનું વાસ્તવિક જ્ઞાન થશે તે સમયે તેને દુર કરવા અને તેનાથી મુક્ત થવાની શરૂઆત કરશે. જ્યાંસુધી મનુષ્ય સ્વાર્થ અને કષાયોને આધીન છે, ત્યાંસુધીજ વાર છે. કષાયોથી માણસ ક્રોધી અને લોભી થાય છે, એટલુંજ નહિ પણ તેને તાબે થયેલો માણસ પોતાને ઊંચ બીજાને તુચ્છ સમજવા લાગે છે. બીજા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના સદા અવગુણ જોયા કરે છે અને તેમને માયાવી તથા સ્વાર્થી બતાવે છે. પોતાના સ્વાર્થને માટે બીજાઓની નિંદા કરવી અને તેમને સ્વાર્થી દેખાડવા તે ચુકતો નથી. અને પોતાનો સ્વાર્થ ત્યાગ કરી શકતો નથી. બીજાઓના ઉપર દોષારોપણ કરવાથી શાંતિનો માર્ગ મલી શકતો નથી. શાંતિનો માર્ગ મેળવવાને માટે સ્વાર્થત્યાગ, ઇંદ્રિય દમન, અને આત્મસંયમની જરૂર છે. બીજાઓના સ્વાર્થાદિ અવગુણોને દુર કરવાની ચેષ્ટામાં આપણે કષાયોથી રહિત થઈ શકતા નથી. પણ આપણા અવગુણો દુર કરવાથી આપણે સ્વતંત્ર થઈ શકીએ છીએ. જે મનુષ્ય પોતે પોતાને વશ કરી શકે છે, અને પોતાના ઉપર વિજય મેળવી શકે છે, તેજ બીજાઓ ઉપર વિજય મેળવી શકે છે. જેઓએ પોતાના ઉપર વિજય મેળવ્યો છે, એવા મનુષ્ય બીજાઓને કષાયોથી અર્થાત ક્રોધ, માન, માયા, લોભથી વશ નથી કરતા પણ પ્રેમ અને પ્રીતીથી કરે છે.

મૂર્ખ મનુષ્યો પોતાની પ્રશંસા અને બીજાની નિંદા કર્યા કરે છે, પરંતુ બુદ્ધિમાન મનુષ્ય પોતાના દુર્ગુણોની નિંદા અને પારકા ગુણોની પ્રશંસા કરે છે. શાંતિનો પ્રદેશ મનુષ્યથી વ્યતિરેક જગતમાં નથી. પરંતુ વિચારોના અંતરંગ પ્રદેશમાં છે. બીજાઓના કામની અંદર પરિવર્તન કરવાથી તેની પ્રાપ્તી થતી નથી, પરંતુ પોતાના કૃત્યોને વિશુદ્ધ અને પવિત્ર બનાવવાથી થાય છે.

કષાયયુક્ત મનુષ્ય પ્રાયઃ બીજાઓને સુધારવા પ્રયત્ન કરે છે પરંતુ જ્ઞાની પુરૂષ પોતાને સુધારવાનેજ મચ્યો રહે છે. સંસાર સુધારવાના પહેલાં પોતે પોતાને સુધારવાની આવશ્યક્તા છે. પોતાનો સુધારો કેવળ વિષય વાસનાઓને દુર કરવાથી થઇ ગયો એમ માનવાનું નથી, પરંતુ એને માટે કષાયોના પ્રત્યેક વિભાગનો વિચાર કરી તેમનો તથા સ્વાર્થનો સર્વથા નાશ કરવાથી થઈ શકે છે. મનુષ્ય જીવનને એક પ્રકારના પહાડ ( પર્વત ) ની ઉપમા આપી શકાય. તેની તલાટી કષાય છે અને શાંતિ એ મસ્તકનો પ્રદેશ છે. કષાયોને કમતી કરતાં કરતાં મનુષ્ય શાંતિના ઉચ્ચ શિખર ઉપર ચઢી શકે છે. કષાયમાં શક્તિ છે પણ તે શક્તિ કુમાર્ગના પ્રદેશ તરફ ખેંચી જાય છે, તેનાથી દુઃખ થાય છે ને મનમાં સદા ઈચ્છાઓ ઉત્પન્ન કર્યા કરે છે. જો તે ઈચ્છાઓ પ્રશસ્ત હોય છે, તો સુખનું કારણ બને છે ને અપ્રશસ્ત હોય છે તો દુઃખનું કારણ બને છે. ઈચ્છાઓ એક પ્રકારની બળતી તલવાર જેવી છે જે સ્વર્ગના દ્વાર ઉપર રક્ષકનું કામ કરે છે. મૂર્ખાઓને બાળીને ભસ્મ કરી નાખે છે અને બુદ્ધિમાનોને સ્વર્ગમાં દાખલ થવા દે છે.

જે મનુષ્ય પોતાની અજ્ઞાનતાની સીમાને જાણી શકતો કે સમજી શકતો નથી; તે મૂર્ખની કોટીમાં આવી શકે છે. તે કેવળ પોતાના વિચારોનો ગુલામ બની રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને અપ્રશસ્ત ઇચ્છા ઇચ્છાનુસાર કામ કરે છે. તેનાથી વિપરીત બુદ્ધિમાન મનુષ્ય છે, જે પોતાની અજ્ઞાનતાને જાણી શકે છે. પોતાના નિરર્થક વિચારોને સમજી શકે છે. સારાસાર વિચાર પૂર્વક વિવેકથી વર્તી શકે છે–અનેક કષાયોને સમાવી શકે છે.

મૂર્ખ અજ્ઞાનતાની નીચમાં નીચ ખીણોમાં ગબડી પડે છે, ત્યારે બુદ્ધિમાન જ્ઞાનના ઉચ્ચમાં ઉચ્ચ શિખર ઉપર ચઢી શકે છે. મૂર્ખ ઇચ્છાઓ કરે છે, કષ્ટ ઉઠાવે છે અને મરી જાય છે, પરંતુ બુદ્ધિમાન ઉચ્ચ અભિલાષા રાખે છે; સદા આનંદમાં રહે છે અને જીવન નિર્ભય બનાવે છે.

આત્મોન્નતિનો અભિલાષી વીરપુરૂષ માનસિક ઉન્નતિ કરતાં કરતાં જ્ઞાનાનંદમાં લીન થઈ શાંતિના ઉચ્ચતમ શિખર તરફ દૃષ્ટિ લગાવી ઉચ્ચ સ્થાનક ઉપર ચઢવા પ્રયાણ કરે છે, ચઢે છે, અને એક દિવસ તે અભિષ્ટ સ્થાનપર પહોંચી પરમાનંદ અને અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરી શકે છે.

# "સૂક્ત મૂક્તાવલી."

## ( સુગમ ભાષા અનુવાદ. )

( ગતાંક પૃષ્ટ ૨૨૩ થી શરૂ. )

( લેખક—શાંતમૂર્તિ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ. )

૭૮ ઉપદ્રવને દૂર કરનારૂં અને સંપદાને આપનારૂં સુપાત્રદાન જે મહાનુભાવ આપે છે તેને દારિદ્રય આવતુંજ નથી. દુર્ભાગ્ય તેનાથી દૂરજ રહે છે, અપયશ થવા પામતોજ નથી અને પરાભવ કરવા કોઈ ઇચ્છતું નથી; વ્યાધિનું જોર ફાવતું નથી, દીનતા આવતી નથી, ભય પીડતો નથી અને કષ્ટો પીડતાં નથી.

૭૯ જે પુરૂષો પોતાનું દ્રવ્ય કલ્યાણાર્થે આપે છે, તેને લક્ષ્મી મળવા ઇચ્છે છે. મતિ, કીર્તિ અને પ્રીતિ તેને શોધતી આવે છે, સૌભાગ્ય અને નીરોગતા તેને ભેટે છે, કલ્યાણ પરંપરા સન્મુખ આવે છે, સ્વર્ગની સુખ સાહેબી સહેજે મળે છે અને મુકિત તેની રાહ જોયા કરે છે.

૮૦ જે પુરૂષ પોતાનું પુષ્કળ ધન પ્રસિદ્ધ એવાં સાત ક્ષેત્રમાં વાપરે છે તેને સુખસંપત્તિ સાવ સુલભ થાય છે, યશ સ્વાધીન થાય છે, લક્ષ્મી મળવા ઉત્કંઠિત રહે છે, મતિ નિર્મળ થાય છે, ચક્રવર્તીપણાની સમૃદ્ધિ નિકટ આવી રહે છે, સ્વર્ગસંપદા હસ્તગત થાય છે અને મોક્ષસંપદા મેળવવાને તે ભાગ્યશાળી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## 'સુખશીલતા તજી કલ્યાણકારી તપનું સેવન કરો.'

૮૧ જે (તપ) પૂર્વકૃત કર્મ–પર્વતને ચૂરવા વજ્રરૂપ છે, વિષય અભિલાષરૂપ દાવાનળની જ્વાલાને શમાવવા જળ વર્ષણરૂપ છે, ભયંકર ઇન્દ્રિયોરૂપી સર્પોને દમવા જાંગુલી મંત્ર સમાન છે, વિઘ્નરૂપ અંધકારના સમૂહને ફેડવા સૂર્યોદય સમાન છે, તેમજ અનેક પ્રકારની લબ્ધિ–શકિતરૂપ સંપદાને પેદા કરે છે તે બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારનાં તપ કોઇ પણ જાતની વાંછા–આશા તૃષ્ણા રાખ્યા વગર શાસ્ત્રોક્ત રીતે કરવાં જોઈએ.

૮૨ જે તપના પ્રભાવથી વિઘ્ન માત્ર વિસરાલ થઇ જાય છે, દેવતાઓ સેવા કરે છે, વિષય–અગ્નિ શાન્ત થાય છે, ઇન્દ્રિયો દમાય છે, કલ્યાણ અચૂક થાય છે, તીર્થંકરાદિક સંબંધી મહા ઋદ્ધિઓ સાંપડે છે, કર્મોનો ક્ષય થાય છે, અને સ્વર્ગ અપવર્ગનાં સુખ સ્વાધીન થઈ શકે છે તે તપ પ્રશંસવા યોગ્ય કેમ ન હોય ? અપિતુ હોય જ.

૮૩ જેમ દાવાનળ વગર વનને બાળવાને કોઇ સમર્થ નથી, વર્ષાદ વગર દાવાનળને ઠારવા કોઈ સમર્થ નથી અને પવન વગર વર્ષાદને ખાળવા કોઈ સમર્થ નથી તેમ તપસ્યા વગર, કર્મસમૂહને હણવા કોઈ સમર્થ નથી.

૮૪ સંતોષરૂપ પુષ્ટ મૂળવાળો, ક્ષમારૂપ પરિવારવાળો, આચારાંગાદિ શ્રુતસ્કંધની રચનારૂપ વિસ્તારવાળો, પંચઇન્દ્રિય નિગ્રહરૂપ શાખાવાળો, દેદીપ્યમાન અભયદાનરૂપ દળવાળો ( અથવા વિનયરૂપ પ્રગટ પત્રવાળો ), બ્રહ્મ વ્રતરૂપ નવપલ્લવ ( કુંપળીયાં ) વાળો, શ્રદ્ધા જળ સમૂહના સિંચનથી વિશાળ કુળ, બળ, ઐશ્વર્ય અને સૌન્દર્યરૂપ ભોગ વિસ્તારવાળો, તથા બાર દેવલોક નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનની પ્રાપ્તિરૂપ ( સુગંધિ ) પુષ્પવાળો ઉક્ત તપરૂપ કલ્પવૃક્ષ મોક્ષ સુખરૂપ ફળને આપવાવાળો થાય છે.

## 'શુભ ભાવ–રસાયણનું સદા સેવન કરો.'

૮૫ નીરોગી પુરૂષ ઉપર જેમ સ્ત્રીનાં કટાક્ષ બાણ નકામાં છે, કૃપણ સ્વામી પાસે કરેલું સેવા કષ્ટ જેમ નકામું છે, પથ્થરમાં કમળ ઉગાડવવાનો શ્રમ જેમ નિષ્ફળ છે, ઉખરભૂમિમાં થયેલો વર્ષાદ જેમ નકામો છે, તેમ શુભ ભાવના વગર દાન, પ્રભુ પૂજા, તપ, સ્વાધ્યાય–શાસ્ત્ર પઠનાદિક અનુષ્ઠાન પણ સઘળાં ફોગટ છે.

૮૬ જો કોઇ મનુષ્ય સર્વ વસ્તુને જાણવા ઇચ્છતા હોય, પુન્ય પ્રાપ્ત કરવા ચાહતો હોય, તથા દયા ધારણ કરવા, પાપને ભેદવા (ટુંકા કરવા), ક્રોધને ખંડવા, દાન, શીલ અને તપને સફળ કરવા, પુન્યની વૃદ્ધિ કરવા, ભવસાયરનો પાર પામવા, અને સિદ્ધિ રમણીને આલિંગવા ઇચ્છતોજ હોય તો તેણે શુભ ભાવ ( શુભ વીર્યોલ્લાસ ) આદરવોજ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૭ વિવેકરૂપી વનને વિકસિત કરવા નીક તુલ્ય, ઉપશમ સુખને માટે સંજીવની તુલ્ય, ભવસમુદ્ર તરવા મહા નૌકાતુલ્ય, કામ અગ્નિને શમાવવા મેઘમાળા તુલ્ય, ચપળ ઇન્દ્રિયોને રોકવા પાશ બંધન તુલ્ય, ભારે કષાયરૂપ પર્વતને ભેદવા વજ્રતુલ્ય, અને મોક્ષમાર્ગનો ભાર વહેવા ખચ્ચરી જેવી સમર્થ ભાવનાને તમે સેવો. બીજું બધું કરવાથી સર્યું; બીજું બધું કરેલું ભાવના વડેજ લેખે છે. ભાવના વગરનું બધુંય ફોગટ જેવું છે.

૮૮ પુષ્કળ દાન દીધું હોય, સમસ્ત જિન આગમોનો અભ્યાસ કર્યો હોય, બહુ આકરી ક્રિયા-કરણી કરી હોય, અનેકવાર ભૂમિશયન કર્યું હોય, બહુ આકરાં તપ તપ્યાં હોય, અને ઘણો લાંબો વખત ચારિત્ર પાળ્યું હોય પરંતુ જો ચિત્તમાં રૂડો ભાવ ( શુભ ભાવના ) પેદા થયેલ નથી તો એ સઘળું ફોતરાં વાવવાની જેવું ફોગટજ છે. શુભ ભાવનાયુક્ત પૂર્વોક્ત સઘળું લેખે થાય છે.

## 'વિષય લોલુપતા તજી વૈરાગ્ય વૃત્તિ ભજો.'

૮૯ પાપરૂપ રજને શમાવવા જળ સમાન, મદોન્મત્ત ઇન્દ્રિયરૂપ હાથીને દમવા અંકુશ સમાન, કલ્યાણરૂપ પુષ્પના બગીચા સમાન, છકેલા મનરૂપ વાંદરાને બાંધવા સાંકળ સમાન, ચારિત્રરૂપ રમણીને રમવા ક્રિડાગૃહસમાન, કામરૂપ તાપને ટાળવા ઔષધ સમાન, અને મોક્ષમાર્ગમાં રથ સમાન એવા વૈરાગ્યને વિચારી તેનું સેવન કરી, તું નિર્ભય થા.

૯૦ જેમ પ્રચંડ પવન વાધેલી મેઘ ઘટાને વીખેરી નાખે છે, અગ્નિ જેમ વૃક્ષોને બાળી નાંખે છે, સૂર્ય જેમ અંધકારના સમુહને ફેડી નાંખે છે અને વજ્ર જેમ પર્વતના સમૂહને ભેદી નાંખે છે તેમ એકલો વૈરાગ્યજ સઘળાં કર્મોનો સંહાર કરી શકે છે. વૈરાગ્યની તીક્ષ્ણ ધારાવડે જલ્દી કર્મ ક્ષય થાય છે.

૯૧ કઠોર પાપને કાપવા કુશળ એવો વૈરાગ્ય જો હૃદયમાં પ્રગટે તો દેવવંદન ઉત્તમ ગુરૂની ચરણ સેવા, અતિઆકરી તપસ્યા; ગુણવંતની ઉપાસના, જંગલમાં નિવાસ, અને ઈન્દ્રિયોને દમવાની વિદ્યા મોક્ષદાયી થાય છે. ઉત્તમ વૈરાગ્ય વગરની એ બધી કરણી લુખી ( મીઠાશ વગરની ) લાગે છે,

૯૨ વિષય ભોગને કાળા નાગના શરીર જેવા વિષમ સમજી, રાજ્યને રજ ( ધૂળ ) જેવું અસાર સમજી, સ્વજનોને કર્મ બંધનાં કારણ રૂપ સમજી, વિવિધ વિષયને વિષ મિશ્રિત અન્ન સમાન સમજી, ઋદ્ધિને રાખ સમાન સમજી અને સ્રીઓને તૃણ સમાન તુચ્છ સમજી તે બધાંયમાં આસકતતા તજી શુદ્ધ હૃદયવાળો વૈરાગી પુરૂષ સિદ્ધિ પદને પામે છે.

## 'ભવ્યાત્માઓને સામાન્ય હિતોપદેશ.'

૯૩ જિનેશ્વર દેવની પૂજા, ગુરૂમહારાજની સેવા, સહુ જીવો ઉપર અનુકંપા-દયા, શુભપાત્રમાં દાન. ગુણ-ગુણી ઉપર અનુરાગ ( ગુણગ્રહણ બુદ્ધિ ) અને શાસ્ત્ર-શ્રવણ એ છ મનુષ્યભવરૂપ વૃક્ષનાં શુભ ફળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯૪ ત્રિકાળ પ્રભુ પૂજા–ભક્તિ કરો, નિર્મળ યશ–કીર્તિ વધારો, સઠેકાણે ધન વાવો, મનને નીતિના માર્ગે દોરો, કામ ક્રોધાદિક શત્રુઓને સંહરો, સહુ પ્રાણી ઉપર દયા કરો, અને જિનાગમને સાંભળો, અને એમ કરી શીઘ્ર મોક્ષલક્ષ્મીને વરો!

૯૫ વીતરાગ દેવની પૂજા કરી, નિગ્રંથ–મુનિજનોને નમસ્કાર કરી, સિદ્ધાન્ત સાંભળી અધર્મી જનોની સંગતિ તજી, પાત્રમાં દ્રવ્ય આપી, ઉત્તમ ( શિષ્ટજનો ) ના માર્ગે ચાલી, અંતરંગ શત્રુઓને જીતી, અને નમસ્કાર મંત્રને સંભારી ( નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરી ) હે ભવ્યો! ઇચ્છિત સુખને સ્વાધીન કરો.

૯૬ જે રીતે ચંદ્રસમાન ઉજ્વળ યશ દશે દિશામાં પ્રસરે, ઉદયકારી ગુણશ્રેણિ વિસ્તાર પામે, અને કુકર્મનો ક્ષય કરવા સમર્થ ધર્મ વૃદ્ધિ પામે એ રીતે ચતુર પુરૂષોને સુલભ એવા **ન્યાયમાર્ગમાં સુજ્ઞ જનોએ પ્રવર્તન કરવું.** ભાગ્યશાળી જનો ધારે તો એવું પ્રવર્તન સુખે કરી શકે.

૯૭ હાથે પ્રશંસવા યોગ્યદાન, મસ્તકે ગુરૂચરણને પ્રણામ, મુખે સત્ય ( પ્રિય પથ્થને તથ્થ ) વાણી, કાને શાસ્ત્ર શ્રવણ, હૃદયે સ્વચ્છ—નિર્મળ વૃત્તિ, ભુજામાં વિજયવંતુ શૌર્ય, અહો! આટલાં વાનાં ઐશ્વર્ય વગર પણ સ્વભાવવડે ઉત્તમ પુરૂષોને અલંકાર–આભૂષણરૂપ છે; કેમકે સુપાત્ર દાનવડે હાથ જેવા શોભે છે તેવા કંકણાદિક વડે શોભતા નથી; મસ્તક ગુરૂચરણે લગાડવાથી જેવું શોભે છે તેવું મુગટાદિકથી શોભતું નથી ઇત્યાદિક આશય સ્પષ્ટ છે.

૯૮ જો આ ભવ અટવી વટાવી, મોક્ષ નગરે જવા ઇચ્છાજ હોયતો વિષયરૂપ વિષ વૃક્ષોનો આશ્રય કરવો નહિ, કેમકે એમની છાયા પણ શીઘ્ર મહા-મૂર્છા ઉપજાવે એવી છે, જેથી આ જીવ એક પગલું પણ આગળ ચાલવા સમર્થ થઇ શકતો નથી; તો પછી તે વિષય વિષ વૃક્ષોનાં પત્ર, પુષ્પ, ફળ અને રસનું તો કહેવુંજ શું તે બધાંય મહા હાનિજ કરે છે.

## ‘ ઉપસંહાર ’

૯૯ ચંદ્રપ્રભા અને સૂર્ય પ્રભા મનુષ્યોના જે અંધકારરૂપ કાદવને દૂર કરી શકતી નથી તે ( અજ્ઞાન–પાપ ) આ અલ્પ ઉપદેશ સદાય શ્રવણ કરતાં સદંતર દૂર કરી દે છે. અત્યંત આદરપૂર્વક શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાનું બહુ ઉત્તમ પરિણામ આવે છે. મૂળ કાવ્યમાં ગ્રંથકારે ‘સોમ પ્રભાચાર્ય’ એવું સ્વનામ પણ ગર્ભિત પણે જણાવેલું છે.

## ગ્રંથ પ્રશસ્તિ.

૧૦૦ **અજિતદેવ** આચાર્યના પટ્ટરૂપ ઉદયાચળ ઉપર પ્રગટેલા સૂર્ય સમાન **વિજયસિંહ** આચાર્યના ચરણ કમળમાં ભ્રમરની પેરે રમતા **સોમપ્રભા** આચાર્યે આ સૂક્ત મુક્તાવળી રચી. ( ભવ્યાત્માઓ તેને કંઠાગ્રે કરી નિજ હૃદયને શોભાવો પાવન કરો. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ. "

પરમપૂજ્ય મુનિમહારાજો તથા જૈન બંધુઓને સવિનય પ્રાર્થના કરવાની કે:—

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના બનાવેલા બધા ગ્રંથો એકત્ર કરી તેનું એક મોટું પુસ્તક છપાવવા યોજના ચાલે છે. તેઓશ્રીના બનાવેલા નીચે લખ્યા ગ્રંથો જાણુવામાં છે.

| | | |
|---|---|---|
| ૧ આગમસાર. | ૭ મુનિની પંચભાવના. | ૧૩ અષ્ટ પ્રવચન માતાની સઝાય |
| ૨ નયચક્રસાર. | ૮ પ્રશ્નોત્તર. | ૧૪ પ્રભંજનાની સઝાય. |
| ૩ ચોવીશી. | ૯ જ્ઞાનમંજરી ટીકા. | ૧૫ ધ્યાનદીપિકા. |
| ૪ વીશી. | ૧૦ સ્નાત્રપૂજા. | ૧૬ સમકીતની સઝાય. |
| ૫ ગતચોવીશી. | ૧૧ એકવીસપ્રકારી પૂજા. | ૧૭ વીરપ્રભુનું દીવાલીનું સ્તવન |
| ૬ અધ્યાત્મગીતા. | ૧૨ નવપદજી પૂજા (ઊલાલા). | ૧૮ સહસ્રકૂટનું સ્તવન. |

એ સિવાયના બીજા કોઈ ગ્રંથ, ટીકા, ટબો, સ્તવન, સઝાય આદિ શ્રીમદ્નાં બનાવેલાં આપના જાણવામાં હોય તો તે સંબંધી (બની શકે તેટલી વિગત સહ) હકીકત નીચે સહી કરનારને જણાવવા મહેરબાની કરશો જેથી તે વિષયો સદર ગ્રંથમાં દાખલ કરવાનું બની શકે.

પાદરા. } સેવક,
(ગુજરાત) } વકીલ મોહનલાલ હીમચંદ.

## શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજી મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસ.

શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિશ્વરજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી લબ્ધીવિજયજી મહારાજાદિ ઠાણા ૬ ખંભાત.

શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ વીરવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ આદિ ઠાણા ૫ વટાદરા—પેટલાદ.

પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ, મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ આદિ વડોદરા. ઠે૦ ઘડીયાળી પોળ, જાની શેરીના ઉપાશ્રય.

મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજીશ્રી સંપતવિજયજી મહારાજ આદિ ઠાણા ૫ ઇંદોર. ઠે૦ શેઠ નથમલજી ગંભીરમલજી શરાફામાં જીલ્લા—માલવા.

મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી વિમલવિજયજી મહારાજ, મુનીશ્રી કસ્તુરવિજયજી મહારાજ, મુનીશ્રી વિબુધવિજયજી, મુનિશ્રી વિચક્ષણવિજયજી મહારાજ આદિ જુનાગઢ.

મુનીરાજશ્રી પ્રેમવિજયજી તથા મુનિરાજ મંગળવિજયજી તથા મુનિરાજ શંકરવિજયજી મહારાજ આદિ ઠાણા ૫. સીનોર—ગુજરાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંન્યાસજી શ્રી સોહનવિજયજી મહારાજ, મુનીશ્રી વિદ્યાવિજયજી મહારાજ, નીશ્રી વિચારવિજયજી મહારાજ, મુનીશ્રી સમુદ્રવિજયજી મહારાજ. વેરાવળ.

મુનિરાજશ્રી હિરવિજયજી મહારાજ, મુનિરાજશ્રી સુમતિવિજયજી મહારાજ. લુધીઆના ( પંજાબ )

મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ ઠાણા ૨. ત્રાપજ

મુનિરાજશ્રી કુસુમવિજયજી મહારાજ. રતલામ.

મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ આદિ ઠાણા ૨. ધોરાજી.

મુનિ મહારાજશ્રી લલિતવિજયજી મહારાજ આદિ ઠાણા. જામનગર.

બીજા મુનિમહારાજાઓ અમોને લખી જણાવશે જેથી હવે પછી પ્રકટ થશે.

## પુસ્તક પહોંચ.

૧ સપ્તવ્યસન નિષેધ. શેઠ લક્ષ્મીચંદજી પારેખ–કલકત્તા.
૨ હિન્દી જૈન શિક્ષા ચતુર્થ ભાગ. શ્રી આત્માનંદ પુસ્તક પ્રચારક મંડળ–આગ્રા.
૩ નવતત્ત્વ. " "
૪ ચતુર્દશ નિયમાવલી. " "
૫ શૃંગાર વૈરાગ્ય તરંગીણી. અભેચંદ ભગવાન–ભાવનગર.
૬ શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતામ્બર બોર્ડીંગનો પ્રથમ રીપોર્ટ–શાંગલી.

## ખાસ આભાર.

શ્રી જૈન પ્રશ્નોત્તર જેમાં કલકતા એશિઆટીક સોસાઇટીના સેક્રેટરી ડૉકટર હોરનલ સાહેબને જૈન ફીલોસોફી ( તત્વજ્ઞાન )ના અનેક ઉપયોગી પ્રશ્નોના ખુલાસારૂપે ઉત્તરો જગદ્‌વિખ્યાત શ્રીમાન્ વિજયાનંદસૂરિશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજે ) આપેલા છે જે ખરેખરા જાણવા લાયક છે. જે ગ્રંથરૂપે વરતેજનિવાસી કોન્ટ્રાકટર ગાંડાલાલ માનચંદે પોતાના પ્રિયપુત્રના સ્મરણાર્થે છપાવી પ્રસિદ્ધ કરેલ છે, તે આ સભાના સભાસદોને એક એક કોપી ભેટ આપવા માટે અમોને મળેલ છે, જેથી તેઓનો આભાર માનવામાં આવે છે.

## સર્વે જૈન બંધુઓને અને બ્હેનોને અત્યાગ્રહ પૂર્વક આમંત્રણ.

શ્રી જુનાગઢ શહેરમાં શ્રી જૈન ધર્મ ભાસ્કર ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરી ( આત્મારામજી ) મહારાજના પ્રશિષ્ય મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ આદિ સાધુઓ ચાતુર્માસ રહેલા છે તત્વજ્ઞાની મહારાજશ્રી **વલ્લભવિજયજી મહારાજ** હંમેશાં નિયમિત જૈનધર્મનાં અનેક અંગોપાંગ ઉપર તેમજ અન્ય નૈતિક વ્યવહારિક અને કેળવણી આદિ વિષયો ઉપર ઉત્તમ પ્રકારનાં અસરકારક વ્યાખ્યાનો આપે છે તો આ સૂવર્ણ સમયનો લાભ લેવા અમારા સ્વધર્માનુરાગી અને ગુણગ્રાહી જૈન બંધુઓ અને બ્હેનોને આદરપૂર્વક અમે પધારવા વિનંતી કરીએ છીએ. અત્રે ચાર્તુમાસ સ્થાયી રહેનારાઓ માટે ઉતારા, પાગરણાદીની ગોઠવણ કરી આપવા ઉપરાંત બીજી પણ યથાશકિત જોઇતી સગવડતા કરી આપવામાં આવશે. કિંબહુના.

લી, શાહ પ્રભુદાસ ત્રીભોવનદાસ.
શાહ હરખચંદ જયચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

### ( અન્ય બંધુઓને સુચના )

આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને જણાવવા રજા લઇએ છીએ કે આ સભા તરફથી હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે જે ધારા મુજબ ભેટ આપવાના છે. દર શાલ બ્હોળી સંખ્યામાં ગ્રંથો ભેટ અપાતા હોવાથી તેમજ આર્થિક બાબતમાં પણ ઉદાર દીલથી ભેટ અપાતા હોવાથી, આ સભામાં દાખલ થયેલા લાઇફ મેમ્બરોને તે વિદિત છે કે અત્યાર સુધીમાં ભેટ મળેલા પુસ્તકોનું એક નાનું ઉપયોગી ગ્રંથોનું પુસ્તકાલય તેઓશ્રીને થયેલું હોવું જોઇએ. બીજા બધા કરતાં આ સંસ્થાએ લાઇફ મેમ્બરોને ગ્રંથો ભેટ આપવાનું ધોરણ ઘણુંજ ઉદાર રાખ્યું છે જેની સરખામણી કરવાથી કે રીપોર્ટો વાંચવાથી સમજી શકાય તેવું છે. વળી હાલમાં ઘણીજ બ્હોળી સંખ્યામાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ ચાલુ હોવાથી અન્ય જૈન બંધુઓએ પણ આ સભામાં લાઇફ મેમ્બર થઇ બીજા ધાર્મિક લાભ સાથે ગ્રંથો સંબંધીનો આર્થિક લાભ પણ લેવા જેવું છે.

---

### આ વખતે નીચેના ગ્રંથો ભેટ આપવાના છે.

| ભાષાંતર. | સંસ્કૃત |
|---|---|
| ૧ શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંત[illegible] શ્રાવક ઉપયોગી ગ્રંથ) | ૫ સુકૃતસાગર (ઇતિહાસિક ગ્રંથ) |
| ૨ શ્રીચંપકમાલા સતીચ[illegible] ખાસ સ્ત્રી ઉપયોગી ગ્રંથ) | ૬ શ્રીરોહિણીય ચરિત્ર. |
| ૩ શ્રીસમ્યકત્વ સ્વરૂપ (સમ્ય[illegible]ત્વનું યથાર્થ સ્વરૂપ ટુંકમાં જણાવનાર ગ્રંથ) | ૭ શ્રીમેરૂ ત્રયોદશી કથા. |
| ૪ શ્રીજૈન પ્રશ્નોત્તર. | |
| આ સભાનો ત્રિવાર્ષિક રીપોર્ટ. | |

નંબર ૫ થી ૭ સુધીના સંસ્કૃત ગ્રંથો હોવાથી અને તેના ખપી જૈન બંધુઓ ભાગ્યેજ હોવાથી જે સભાસદ પત્ર લખી મંગાવશે તેમને મોકલવામાં આવશે. કારણ કે તેવા મૂળ ગ્રંથો અનેક સંખ્યામાં સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારો વીગેરેને સભાની જેમ તેઓની વતી ભેટ અપાય છે અને નંબર ૧ થી ૪ ( રીપોર્ટ સાથે ) દર વખતે જેમ મોકલાય છે તેમ પોસ્ટેજ પુરતા પૈસાનું વી–પી કરી અમારા સુજ્ઞ લાઇફ મેમ્બરોને શ્રાવણ સુદી ૨ થી મોકલવામાં આવશે જેથી તેઓ સ્વીકારી લેશે એવી વિનંતિ છે. ( નવા ગ્રંથો તૈયાર થાય છે.)

---

### શ્રી શ્રાદ્ધગુણ વિવરણ. ( ભાષાંતર. )

શ્રાવકના વિશેષ ધર્મના કારણરૂપ અને ઉચ્ચ ગૃહસ્થ ધર્મ ( શ્રાવકના સામાન્ય ધર્મ ) નું શુદ્ધ સ્વરૂપ બતાવનારો, મોક્ષમહેલના પ્રથમ સોપાનરૂપ, જયશ્રીની સિદ્ધિને આપનાર આ અપૂર્વ ગ્રંથ છે. જેથી આવો શ્રાવકોપયોગી કોઇપણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી. સરલ, સુબોધક વીવેચન સાથે અનેક કથાઓ સહિત શ્રીમદ્ જિનમંડનગણી મહારાજની કૃતિની આ એક સુંદર અને અત્યુત્તમ રચના છે, જેનું સરળ અને શુદ્ધ ભાષાંતર પ્રવર્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે કરેલ છે. જૈન તરીકે દાવો ધરાવનાર કે શ્રાવક ધર્મના ઇચ્છક કોઇપણ વ્યક્તિના ઘરમાં આ ગ્રંથ જે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવક ધર્મની ઉચ્ચ શૈલીને જણાવનારો છે તે અવશ્ય હોવોજ જોઇએ. તે ખરેખર ઉપયોગી જોઇ ગ્રંથ છપાતાના દરમ્યાન ઉપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી **પ્રેમવિજયજીના નેક અભિપ્રાયથી અત્રેની જૈન બોર્ડીંગ તેમજ જૈન નાઇટ કલાસના વિદ્યાર્થીઓને** ધાર્મિક અભ્યાસની શરૂઆત તરીકે આ ગ્રંથ ચલાવવાની ખાસ યોજના થયેલી છે તેજ તેની ઉપયોગીતા પૂરતો પુરાવો છે, તે બાબતમાં વધારે કાંઇપણ ન લખતાં તે સાદ્યંત ખાસ વાંચી જવાની ભલામણ કરીએ છીએ.

ઊંચા ગ્લેજ કાગળો ઉપર, ચાર જુદીજુદી જાતના સુંદર ટાઇપોથી છપાવી સુંદર બાઇડીંગથી તેને અલંકૃત કરવામાં આવેલ છે. રોયલ આઠપેજી પાંત્રીશ ફારમનો સુમારે ૩૦૦ પાનાનો દલદાર ગ્રંથ. (કાગળોની તેમજ તેને લગતા સાધનોની લડાઇને લઇને ઘણી મોંઘવારી છતાં તેની) કિંમત માત્ર રૂા. ૧–૮–૦ રાખી છે. પોસ્ટેજ જુદું. ઘણી નકલોના અગાઉથી ગ્રાહકો થયા છે.

## " શ્રી સમ્યકત્વ સ્વરૂપ સ્તવ "

મોક્ષની ઇચ્છાવાળા પ્રાણીઓને તેના બીજ રૂપ સમ્યકત્વની પ્રાપ્તિ આવશ્યક છે. આ સમ્યકત્વ કે જેના વગર કોઈ પ્રાણી મુક્તિ મેળવી શકતો નથી, તેવા આત્મિક અને પૌદગલિક સુખને ભિન્ન ભિન્ન દર્શાવનાર શ્રી સમ્યકત્વ ગુણ, તેની મૂળોત્પત્તિ, સ્વરૂપ અને વિવિધ ભેદો બતાવનાર આ એક લઘુ અને સરલ અપૂર્વ ગ્રંથ છે. ગ્રંથકર્તા પૂર્વાચાર્ય હોવાથી તેની અલૌકિક રચના કરી છે, જેનો ખાસ અભ્યાસ કરવા જેવો આ ગ્રંથ છે. જૈન શાળામાં અભ્યાસ કર્તા બાળકોને ખાસ વંચાવવા જેવો આ ગ્રંથ છે, જે હાલમાં અમારા તરફથી છપાઈ પ્રસિદ્ધ થયેલ છે. કિંમત રૂ૦–૩–૦ પોસ્ટેજ જુદું.

શ્રી જૈન આત્માન[illegible] –ભા[illegible] ભાવનગર.

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## આ માસમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

અમારા આત્માનંદપ્રકાશ માસિકના દશમા અંકમાં છપાતા નવા ગ્રંથો ૩૪ ની જાહેર-ખબર આપવામાં આવેલી છે. આ માસમાં તે સિવાય નીચેના નવા ગ્રંથોની યોજના અને તે છપાવવાની શરૂઆત થઇ ચુકી છે જે થોડા સમયમાં પ્રસિદ્ધ થશે.

१ **विज्ञप्ति त्रिवेणि.** ( વિસ્તૃત ઐતિહાસિક પ્રસ્તાવના સાથે )
२ **प्राचीन जैन लेखसंग्रह.** ( વિસ્તારયુક્ત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે. )
३ **विज्ञप्तिसंग्रह.**
४ **विजयदेव महात्म्य.** ( બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે. )
५ **कृपारस कोष.**
६ **करुणावज्रायुध नाटक.**
७ **जैन ग्रंथ प्रशस्ति संग्रह.** ( જૈન ઇતિહાસના અંગભૂત સાધનો. )
८ **जैन ऐतिहासिक रास संग्रह.**

**શ્રી કલ્પસૂત્ર–કીરણાવલી થોડા સમયમાં છપાવવાનું શરૂ થશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only